RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 120* Date: 26.02.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## યુક્રેન-રશિયા યુદ્ધમાં ભારતના વલણથી અમેરિકા-યુક્રેન નારાજ

# કિવમાં પ્રવેશ્યું રશિયા, યુક્રેને ૮૦૦ દુશ્મનોને ઠાર કર્યા





કીવ,તા.૨૫

રશિયાના પશ્ચિમમાં પડોશી દેશ યુક્રેન રશિયાની બાજુમાં યુદ્ધનો સામનો કરી રહ્યું છે. શુક્રવારે વહેલી સવારે રાજધાની કિવમાં બે વિસ્ફોટના અવાજ સંભળાયા હતા. રશિયન સેના નજીક પહોંચી ગઈ છે. તે જ સમયે, યુક્રેનના સંરક્ષણ મંત્રાલયે રશિયન સેનાના લગભગ ૮૦૦ લોકોને માર્યા હોવાનો દાવો કર્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે રશિયન હુમલામાં યુક્રેનમાં ૧૩૭ લોકો માર્યા ગયા છે અને ૩૦૦ થી વધુ ઘાયલ થયા છે.

ઝેલેન્સકીએ એક વીડિયો સંબોધનમાં કહ્યું કે 'આજે આપણે આપણા ૧૩૭ હીરો, આપણા નાગરિકો ગુમાવ્યા છે. જ્યારે ૩૧૬ લોકો ઘાયલ થયા છે. આ સિવાય તેણે આ યુદ્ધમાં કોઈનું સમર્થન ન મળવાની વાત પણ કરી હતી. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ વિશ્વભરના દેશોનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમનો દેશ રશિયા સામે લડવા માટે બાકી છે. તેણે કહ્યું, ''અમારી સાથે લડવા કોણ ઊભું છે? મને કોઈ દેખાતું નથી.

યુક્રેન નાટો સભ્યપદની બાંયધરી આપવા કોણ તૈયાર છે? દરેક જણ ભયભીત છે.'' બીજી તરફ, યુએસએ રશિયા સામેની લડાઈમાં ઘાતક હથિયારો તૈનાત કરવા માટે યુક્રેનને ઇં ૬૦૦ મિલિયનની સહાય આપવાની વાત કરી છે. રશિયા યુક્રેનની રાજધાની કિવને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીનો એક વીડિયો મેસેજ સામે આવ્યો છે, જેમાં તે પોતાની પત્ની અને બાળકો વિશે વાત કરતી વખતે લાચાર અને લાગણીશીલ દેખાય છે. ઝેલેન્સકી કહી રહ્યા છે કે હું રશિયાનો પહેલો નિશાન છું અને મારો પરિવાર બીજો છે. ઝેલેન્સકીએ યુક્રેનના અધિકારીઓને ચેતવણી પણ આપી હતી કે રશિયા રાજધાની કિવમાં પ્રવેશ્યું છે. ઝેલેન્સકી કહે છે કે તે અને તેમનો પરિવાર દેશદ્રોહી નથી અને યુક્રેનથી ભાગી જશે નહીં.

એક ઈમોશનલ વીડિયો મેસેજમાં ઝેલેન્સકી કહી રહ્યા છે, 'હું યુક્રેનમાં છું. મારો પરિવાર યુક્રેનમાં છે. મારા બાળકો યુક્રેનમાં છે. અમે દેશદ્રોહી નથીપતેઓ યુક્રેનના નાગરિક છે. અમને એવી માહિતી મળી છે કે દુશ્મનોએ મને પહેલું નિશાન બનાવ્યું છે. મારો પરિવાર તેમનું બીજું લક્ષ્ય છે.ઝેલેન્સકીએ પોતાના ઈમોશનલ મેસેજમાં વધુમાં કહ્યું કે રશિયન સરકાર તેમને ખતમ કરવા માંગે છે. ''તેઓ (રશિયા) દેશના વડાને ખતમ કરીને યુક્રેનને રાજકીય નુકસાન કરવા માંગે છે,''

ઝેલેન્સકીએ કહ્યું કે તેમણે નાટોના ૨૭ યુરોપિયન નેતાઓને સીધો પ્રશ્ન કર્યો કે શું યુક્રેન નાટોમાં જોડાશે. કોઈએ જવાબ આપ્યો નહીં, બધા ડરી ગયા છે. પરંતુ અમે ડરતા નથી, અમે કંઈપણથી ડરતા નથી. તેમણે આગળ કહ્યું, 'અમે અમારા દેશને બચાવવાથી ડરતા નથીપ અમે રશિયાથી ડરતા નથીપ અમે રશિયા સાથેની વાતચીતથી પણ ડરતા નથી.' યુક્રેન નાટોમાં જોડાવા માંગે છે પરંતુ રશિયા તેની વિરુદ્ધ છે. ૨૦૧૪ માં યુક્રેનમાં રશિયન સમર્થિત સરકારના પતન પછી, યુક્રેનિયન સરકારોએ નાટોમાં જોડાવાના ઘણા પ્રયાસો કર્યા છે. પરંતુ રશિયા નાટોને રશિયાની સુરક્ષા માટે ખતરો માને છે, તેથી તે કોઈપણ ભોગે યુક્રેન નાટોનું સભ્ય બને તેવું ઈચ્છતું નથી.

યુક્રેનની તાજેતરની સ્થિતિ વિશે વાત કરતા દેશના ગૃહમંત્રી એન્ટોન ગેરેશચેક્રોએ જણાવ્યું છે કે કિવમાં સવારથી ૬ વિસ્ફોટ થયા છે. તેણે જણાવ્યું કે વિસ્ફોટ બેલેસ્ટિક મિસાઈલ અને ક્રુઝ દ્વારા કરવામાં આવ્યા હતા. સાથે જ તેણે એમ પણ કહ્યું કે યુક્રેનમાંથી એક રશિયન પ્લેનને પણ તોડી પાડવામાં આવ્યું છે.દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું છે કે જો રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો) દેશોમાં પ્રવેશ કરશે તો અમેરિકા હસ્તક્ષેપ કરશે. બાઈડને ભારપૂર્વક જણાવ્યું કે, જો તેમના રશિયન સમકક્ષને હવે રોકવામાં નહીં આવે તો તેને પ્રોત્સાહન મળશે. બાઈડને કહ્યું કે તેમની પુતિન સાથે વાત કરવાની કોઈ યોજના નથી, પરંતુ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી સાથે વાત કરી અને તેમને ખાતરી આપી કે યુક્રેનિયન લોકોની વેદનાને ઓછી કરવા માટે યુએસ માનવતાવાદી રાહત આપશે. જો પુતિન નાટો દેશોમાં પ્રવેશ કરે છે તો અમે દરમિયાનગીરી કરીશું,×

બાડેને વ્હાઈટ હાઉસમાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં આ જણાવ્યું હતું. મને માત્ર એક જ વાતની ખાતરી છે કે જો અમે તેમને હવે નહીં રોકીએ તો તેમને પ્રોત્સાહન મળશે. જો હવે અમે તેમની સામે કડક પ્રતિબંધો નહીં લાદીએ તો તેમને પ્રોત્સાહન મળશે. બાઈડને આ સમયગાળા દરમિયાન રશિયા સામે અનેક મોટા પ્રતિબંધો લાદવાની પણ જાહેરાત કરી હતી. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે આ એક મોટા સંઘર્ષનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. યુક્રેન પર રશિયન આક્રમણ વચ્ચે યુએસએ તેના નાટો સહયોગીઓની સુરક્ષા માટે ખાસ કરીને પૂર્વ યુરોપમાં વધારાના સૈનિકો તૈનાત કર્યા છે. બાઈડને દાવો કર્યો હતો કે યુક્રેનમાં પુતિનની મહત્વાકાંક્ષાઓ વિશાળ છે. નોંધપાત્ર રીતે રશિયન સેનાએ ગુરુવારે યુક્રેન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી શરૂ કરી હતી,

યુક્રેનની સેનાએ દાવો કર્યો છે કે તેમણે યુદ્ધ દરમિયાન ૮૦૦ થી વધુ રશિયન સૈનિકોને મારી નાખ્યા છે. આ સિવાય તેમણે ૭ રશિયન એરક્રાફ્ટ અને ૬ હેલિકોપ્ટરને પણ તોડી પાડ્યા હતા.આ ઉપરાંત ૩૦ ટેક્રો અને ૭૦ બીબીએમ નષ્ટ કરી દીધા છે. યુક્રેન દ્વારા કરવામાં આવ્યો છે રશિયાની રાજધાની મોસ્કોમાં મોટી સંખ્યામાં વિરોધીઓ એકઠા થયા હતા. આ પ્રદર્શનકારીઓ યુક્રેન પર થયેલા હુમલાનો વિરોધ કરી રહ્યા હતા. રશિયન પોલીસે પ્રદર્શન કરી રહેલા ૧૭૦૦ જેટલા પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી. રશિયન અધિકારીઓએ યુક્રેન પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા વિરોધીઓને પણ પ્રદર્શન ન કરવા ચેતવણી આપી હતી.રશિયાએ ભલે યુક્રેન પર ચારે તરફથી હુમલો કર્યો હોય પણ યુક્રેન હિંમત હાર્યું નથી.યુક્રેને તો રશિયાની હથિયારો મુકી દેવાની ધમકી ફરી ફગાવી દીધી છે.સામાન્ય લોકોને યુધ્ધના મેદાનમાં ઉતરવાનો આદેશ આપીને યુક્રેને સ્પષ્ટ કરી દીધુ છે કે, અમે રશિયા સામે હાર માનવાના નથી.

## રશિયા-યુક્રેન તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને,ક્રૂડ ઓઈલ ૧૦૫ ડોલર પ્રતિ બેરલ

નવીદિલ્હી,તા.૨૫

યુક્રેન પર હુમલો કરીને રશિયાએ વિશ્વના તમામ દેશોને ચિંતામાં મૂકી દીધા છે કારણ કે આ લડાઈની અસરથી ક્રૂડ ઓઈલના ભાવમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. ક્રૂડમાં ઉછાળો તમામ દેશો માટે ચિંતાજનક છે અને આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે આ સમાચાર ભારત માટે વધુ ખરાબ સાબિત થઈ શકે છે.બ્રેન્ટ ક્રૂડની કિંમત ઘટીને બેરલ દીઠ ઇં૧૦૫ થઈ ગઈ હતી, જે આઠ વર્ષમાં સૌથી વધુ છે. ૨૦૧૪ પછી પ્રથમ વખત બ્રેન્ટ ક્રૂડના ભાવ આ સ્તરે આવ્યા છે અને ભાવમાં આ વધારો ભારત માટે ચોક્કસપણે નકારાત્મક સમાચાર છે. આ કારણે ભારતની ક્રૂડ બાસ્કેટની આયાત ઘણી મોંઘી થવા જઈ રહી છે.




રશિયા વિશ્વનો બીજો સૌથી મોટો તેલ નિકાસકાર છે અને યુરોપને કુદરતી ગેસનો સૌથી મોટો સપ્લાયર છે. યુદ્ધની સ્થિતિ અને અમેરિકા દ્વારા રશિયા પર લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે આ બંને નિકાસને અસર થશે અને વિશ્વના ઘણા દેશોને અસર થશે.

આગામી સમયમાં, ક્રૂડ ઓઈલની કિંમત ઇં૧૦૦ અથવા તેનાથી ઉપર રહેવાની ધારણા છે અને જ્યાં સુધી ઓપેક દેશો તેમના તેલનો પુરવઠો વધારવાનો નિર્ણય નહીં લે ત્યાં સુધી આ સ્થિતિમાં સુધારો થશે નહીં. આર્થિક નિષ્ણાંતોનું કહેવું છે કે છેલ્લા ૩ મહિનાથી ઓપેક દેશો તેમના ટાર્ગેટ મુજબ તેલની નિકાસ કરી રહ્યા નથી અને તેના કારણે ક્રૂડ ઓઈલની કિંમત બેરલ દીઠ ૧૦૦ ડોલર અથવા તેનાથી વધુ રહેવાની સંભાવના છે. આને કારણે, ભારતનું આયાત બિલ ૧૫ ટકાથી વધુ વધી શકે છે કારણ કે દેશ તેની તેલની જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ આયાત કરે છે.

## આ વખતે યુપીમાં અખિલેશ યાદવની સપાની સરકાર બનશે : દિલ્હીના પૂર્વ ઉપરાજયપાલ

નવીદિલ્હી,તા.૨૫

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણી માટે ચાર તબકકાનું મતદાન પુરૂ થયું છે યુપીમાં ભાજપ અને સપાની વચ્ચે કાંટાનો મુકાબલો છે.આ દરમિયાન દિલ્હીના પૂર્વ ઉપરાજયપાલ નજીબ જંગે એક ખાનગી ટીવીને આપેલ મુલાકાતમાં જણાવ્યું હતું કે મારૂ એ માનવું છે કે સપા આ વખતે યુપીમાં સરકાર બનાવશે આ મારો અભ્યાસ છે.સમગ્ર ચુંટણીના જે પરિણામ નિકળશે તેને લઇ આ મારા વિચાર છે.આજે ચુંટણી એક રાજકીય યુધ્ધ બની ગયું છે દરેક યુધ્ધ પહેલા એક રૂપરેખા અને ભૂમિકા બનાવવામાં આવી છે ચુંટણી લડવાની ગત છ મહીનામાં વિચારીને લાગે છે કે સપા આગળ રહી છે.તેમણે વડાપ્રધાન મોદી કદ્દાવર નેતા બતાવતા કહ્યું કે ભારતમાં સૌથી કદ્દાવર નેતા વડાપ્રધાન મોદી છે.હિન્દી બેલ્ટમાં નરેન્દ્ર મોદીનો કોઇ મુકાબલો નથી ૨૦૧૪,૨૦૧૭ અને ૨૦૧૯ની ચુંટણીમાં મોદી મુખ્ય ચહેરો હતાં.આ ચુંટણી યોગી આદિત્યનાથ અને અખિલેશ યાદવ વચ્ચેની છે.તેમાં યોગી અખિલેશથી આગળ નથી મોદીજી આગળ ન હોવાથી ફર્ક પડશે

પૂર્વ ઉપરાજયપાલે કહ્યું કે કિસાન આંદોલનથી કિસાનોનું દિલ તુટી ગયું છે અનેક રીતની વાતો થઇ તેમને ખાલિસ્તાની આતંકવાદી કહેવામાં આવ્યા કિસાન સમગ્ર દેશમાં છે અને તેમનો સ્વભાવ બીજાથી મળે છે પશ્ચિમી યુપીના કિસાનોને મુશ્કેલી થઇ છે તો તેની અસર બધાને પડશે.યુપીનીની ચુંટણી જંગમાં તેમણે કહ્યું કે મારૂ માનવુ છે કે ગણતરીમાં અખિલેશ યાદવ કદાચ આગળ હશે કિસાનોની જીંદગી ગત ત્રણ વર્ષોમાં પાછળ થઇ ગઇ છે.આવારા પશુઓએ પણ કિસાનો પર પ્રભાવ પાડયો છે આ મુદ્દો સમગ્ર યુપીમાં છે.યુપીમાં ગત બે વર્ષમાં ૧૨.૫ લાખથી વધી ૩૫ લાખ બેરોજગારી છે.આ દુનિયા જોઇ રહી છે આ યુવાનોની પાસે કાંઇ નથી આ તેમની અને તેમના પરિવારને પ્રભાવીત કરી રહ્યું છે.કોવિડની બીજી લહેરને લોકો ભુલી ગયા નથી ખુબ લોકોના મોત થયા છે.જંગે કહ્યું કે કોરોનાની બીજી લહેરમાં લોકોએ ગંગાના દૃશ્ય જોયા હતાં જે લોકોએ પોતાના માતા પિતાને ગુમાવ્યા છે તેઓ હજુ સુધી તે દર્દ ભુલ્યા નથી

તેમણે યોગીજીના સારા કામનો ઉલ્લેખ ઓછો કર્યો પરંતુ અભિયાનમાં તેમણે ઝિન્ના અને ટોપીની વાત કહી તે સમગ્ર હિન્દુસ્તાનમાં ભ્રમ છે કે મુસલમાન એકતરફી મત આપે છે ૪૦-૫૦ વર્ષ પહેલા મુસલમાન કોંગ્રેસને મત આપતા હતાં બાબરી મસ્જિદના કેસમાં મુસલમાનોના મત સપાને ગયા ત્યારબાદ બસપા અને સપા બધામાં મુસલમાનના મત વિભાજીત થયા આ વખતે મુસલમાનોના ૭૦-૮૦ ટકા મત સપા તરફ જઇ રહ્યાં છે તેનું કારણ બધાને ખબર છે.

દિલ્હીના પૂર્વ એલજીએ કહ્યું કે કિસાનોના મુદ્દા બાદ સપાની પોઝીશન વધી છે ૭ મહીના પહેલા બધાને લાગતુ હતું કે અખિલેશ મહેનત કરી રહ્યાં નથી પરંતુ અખિલેશ ખુબ વિચારી લડાઇ લડી રહ્યાં હતાં તેમણે પછાતને જોડવાનું કામ કર્યું ૨૦૧૯ અને ૨૦૧૭માં પછાતોએ ભાજપને મત આપ્યા હતાં પરંતુ હવે આ લોકો અખિલેશ તરફ સરકી રહ્યાં છે. તેમણે દાવો કર્યો કે ૨૫-૨૬ ટકા પછાતના મત જો અખિલેશ તરફ સરકી ગયા તો ભાજપના હાથમાંથી ચુંટણી નિકળી જશે અખિલેશે મુસ્લિમ અને યાદવ લોબલને અલગ કર્યું છે ઉપર કાસ્ટ મત ખુબ હદ સુધી અખિલેશ તરફ જશે યુપીમાં એવી લાગણી છે કે યોગીજીએ ઠાકુરવાદ કર્યો છે.

## દેશમાં આગામી ૫ વર્ષમાં ડેન્ગ્યુની દવા ઉપલબ્ધ થશે

નવીદિલ્હી,તા.૨૫

કોરોના વાઈરસની એન્ટ્રી થતાં જ સામાન્ય માણસથી લઈને સરકારે સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપી. વાઈરસની તો રસી પણ શોધાઈ ગઈ પરંતુ અનેક વર્ષોથી લોકોનો જીવ લેતા ડેન્ગ્યુ વાઈરસની હજુ સુધી કોઈ ચોક્કસ સારવાર શોધાઈ નથી. ભારત સરકાર હવે બીમારીની ચોક્કસ સારવાર શોધવાના મૂડમાં છે.

તાજેતરમાં જ બાયોટેક્નોલોજી વિભાગની ટ્રાન્ઝિશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યુટ)એ ડ્રગ્સ ફોર નેગલેક્ટેડ ડિસીઝ ઈનિશિએટિવ ઈન્ડિયા ફાઉન્ડેશન સાથે પાર્ટરનશિપ કરી છે. ડેન્ગ્યુ એડીઝ ઈજિપ્ટી મચ્છર કરડવાથી થાય છે. તેને લીધે દર્દીને વાઈરલ તાવ આવે છે. ઘરમાં કે આસપાસ મચ્છરોનો ઉપદ્રવ હોય તો ડેન્ગ્યુનું જોખમ રહે છે. એક ડેટા પ્રમાણે, દુનિયામાં ડેન્ગ્યુના ૭૦% કેસ એશિયાના છે. ૨૦૨૧માં ભારતમાં ૧.૬૪ લાખ ડેન્ગ્યુના કેસ આવ્યા હતા જયારે ૨૦૧૯માં આ આંકડો ૨.૦૫ લાખ હતો.

આ પાર્ટનરશિપ હેઠળ સરકારી અને બિનસરકારી સંસ્થા સાથે મળી ડેન્ગ્યુ માટે સુરક્ષિત, અફોર્ડેબલ અને કારગર દવા બનાવાશે. રિસર્ચમાં પ્રિ ક્લિનિકલ સ્ટડીઝ કરવામાં આવશે.

પહેલાંથી અવેલેબલ દવાની અસર ડેન્ગ્યુ પર કેવી થાય છે તે જાણવામાં આવશે. ત્યારબાદ તેના અલગ અલગ કોમ્બિનેશન અથવા નવી દવા ડેવલપ કરી તેનું ટેસ્ટિંગ કરવામાં આવશે.

## દેશમાં કોરોનાના કેસમાં એક દિવસમાં નવા ૧૩ હજારથી કેસ કેસ

નવીદિલ્હી,તા.૨૫

આજે દેશમાં કોરોના વાયરસ રોગચાળાના કેસમાં સાત ટકાનો ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧૩ હજાર ૧૬૬ નવા કેસ નોંધાયા છે અને ૩૦૨ લોકોના મોત થયા છે. ગઈકાલે ૧૪ હજાર ૧૪૮ કેસ નોંધાયા હતા. એટલે કે ગઈકાલની સરખામણીએ આજે કેસમાં ઘટાડો થયો છે. દેશમાં છેલ્લા દિવસે ૨૬ હજાર ૯૮૮ લોકો સાજા થયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧ લાખ ૩૪ હજાર ૨૩૫ થઈ ગઈ છે. આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૧૩ હજાર ૨૨૬ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૨ લાખ ૪૬ હજાર ૮૮૪ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે. રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના લગભગ ૧૭૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૩૪ લાખ ૪ હજાર ૪૨૬ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૭૬ કરોડ ૮૬ લાખ ૮૯ હજાર ૨૨૫ ડોઝ આપવામાં આવ્યા છે.

## કાશ્મીરના શોપિયાંમાં સેનાએ ૨ આતંકવાદીઓ માર્યા ઠાર, હથિયાર અને દારુગોળો પણ જપ્ત

જમ્મુ,તા.૨૫

કાશ્મીર ઘાટીમાં આતંકીઓ સામે સેનાનુ ઑપરેશન ચાલુ છે. આ દરમિયાન શુક્રવારે સવારે શોપિયાં જિલ્લામાં એક અથડામણ થઈ હતી. જેમાં અત્યાર સુધી બે આતંકવાદીઓ માર્યા ગયાના સમાચાર છે. આ ઉપરાંત તેમની પાસેથી હથિયાર અને ઘણો દારુગોળો પણ જપ્ત કરવામાં આવ્યો. સુરક્ષાબળના જવાન આખા વિસ્તારને ઘેરીને સર્ચ ઑપરેશન ચલાવી રહ્યા છે. સાથે જ એ પણ શોધવામાં આવી રહ્યુ છે કે બંને આતંકી કયા સંગઠન સાથે જોડાયેલા હતા.

માહિતી મુજબ સુરક્ષાબળોએ શોપિયાં જિલ્લાના અમશીપોરા વિસ્તારમાં અમુક આતંકવાદીઓ છૂપાયા હોવાના સમાચાર મળ્યા હતા. ત્યારબાદ સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલિસના સ્પેશિયલ ઑપરેશન ગ્રુપે સર્ચ ઑપરેશન શરુ કર્યુ. જવાનોને પાસે આવતા જોઈ આતંકવાદીઓએ ગોળીબાર શરુ કરી દીધો. ત્યારબાદ જવાનોએ પણ જડબાતોડ જવાબ આપ્યો. જેમાં બે આતંકવાદી માર્યા ગયા. આતંકીઓ પાસે હથિયાર, દારુગોળો અને વાંધાજનક સામગ્રી હતી. સાથે જ વિસ્તારમાં છૂપાયેલા અન્ય આતંકીઓની પણ શોધ કરવામાં આવી રહી છે.

એક દિવસ પહેલા કાશ્મીરમાં સુરક્ષાબળોએ બે અલગ-અલગ ઑપરેશનમાં ત્રણ આતંકીઓ અને તેમના એક મદદગારની ધરપકડ કરી હતી. એ ચારે મળીને ઘાટીમાં હુમલાની યોજના બનાવી રહ્યા હતા. તેમની પાસેથી હથિયાર પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલિસના જણાવ્યા મુજબ બડગામમાં આતંકી ગતિવિધિઓના સમાચાર મળ્યા હતા જેના પર પોલિસ અને સેનાએ સર્ચ ઑપરેશન શરુ કર્યુ. આ દરમિયાન આરથ વિસ્તારથી લશ્કર આતંકી યાસિર મુશ્તાકની ધરપકડ કરવામાં આવી. તેની પૂછપરછના આધારે ઈરફાન બશીરની પણ ધરપકડ થઈ.

## તંત્રી સ્થાનેથી...

# ભારતમાં શિક્ષણ કઈ દિશા તરફ વિધાર્થીઓને લઈ જશે.....?

ભારત વિશ્વગુરુ બનશે નુ સ્વપ્ન બતાવીને આમ પ્રજાને હથેળીમાં ચાંદ બતાવતા રહેતા શાસકો વિશ્વગુરુ બનવાનો પાયો (મૂળ) શિક્ષણ છે એ વાત સમજણથી કદાચ દૂર હોઈ શકે....! કારણકે શિક્ષણ ક્ષેત્ર માટે બજેટમાં કાચબા ગતિએ ઘટાડો કરવામાં આવી રહ્યો છે જેને આમ પ્રજા સમજી શકતી નથી કે તેમને સમજ આપવાની કમી આવી ગઈ છે. શિક્ષણ માટે વધુ બજેટ હોવું જોઈએ જેથી ભારત વિશ્વ સ્તરે પહોંચી નામના મેળવી શકે. પરંતુ દેશભરમાં શિક્ષણ ક્ષેત્રે ઊલ્ટુ થઈ રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે વિશ્વ સ્તરે આપણી એક પણ યુનિવર્સીટી પ્રથમ ૧૦૦ યુનિવર્સિટીમાં સ્થાન પામી શકી નથી.... અરે એ તો ઠીક વિશ્વની શ્રેષ્ઠ ૩૦૦ યુનિવર્સિટીઓમાં પણ સ્થાન મેળવી શકતી નથી. આનો અર્થ શું....? એક ઉક્તિ છે કે જે તે દેશમાં શિક્ષણનું પતન એટલે તે દેશના બુદ્ધિધનનો વિધ્વંસ.... ઈઝરાયલની એક શાળાની દીવાલ પર લખાણ હતું કે કોઈ પણ દેશના વિનાશ માટે તે દેશનું શિક્ષણ ખતમ કરો એટલે યુદ્ધ કરવાની જરૂર નહીં પડે અને તે દેશના તમામ ક્ષેત્રનો વિકાસ અટકી જશે, ધંધા, રોજગાર, નોકરી બધું પડી ભાંગશે અને તે દેશમાં આંતરિક પ્રલય આવી જાય તેમાં શંકાને કોઈ સ્થાન નથી.....! આપણે ચીન અને પાકિસ્તાનને જ દુશ્મન ગણીયે છીએ પરંતુ ખરેખર તો ચીન આપણું હરિફ છે. શિક્ષણ ક્ષેત્રમા ચીન આપણાથી ઘણું આગળ છે, ત્યાંના શિક્ષણ ક્ષેત્રે સંશોધનને મહત્વ આપવામાં આવે છે. જે કારણે ચીનનીની ૨૪ યુનિવર્સિટીઓને વિશ્વની પ્રથમ ૩૦૦ યુનિવર્સિટીમા સ્થાન મળ્યું છે, ચીન સિવાય એશિયામાં કોઈપણ અન્ય દેશ વિશ્વ સ્તરે ડંકો વગાડી શક્યો નથી.ચીનની કોલેજમાં એડમિશન લેવું એટલે લોઢાના ચણા ચાવવા બરાબર છે, અહિ કોલેજ પ્રવેશ માટે એન્ટ્રેન્સ પરીક્ષા લેવામાં આવે છે જે એટલી આકરી હોય છે કે કોઈ પણ પૂરેપૂરા માર્ક્સ લાવી શક્યુ નથી અને એ કારણે સિલીકોન વેલીમા આઇટી કંપનીઓમાં સૌથી વધુ ચીનના સંશોધકો અને કર્મચારીઓ છે. ભારતમાં એક સમય નાલંદા તક્ષશિલા ની બોલબાલા હતી અને તેનો ડંકો વિશ્વ ભરમાં વાગતો હતો..... અને આજે.....?!

ભારતમાં શિક્ષણ ક્ષેત્રમાં પ્રથમથી જ વિધાર્થીઓની જિંદગીમાં સમાજમા, વેપાર-ધંધામાં, વ્યવહારમાં ઉપયોગી થાય તેવા પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું તે સાથે જે તે ક્ષેત્રની શાળામાં સ્થાનિક સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે દરેક રાજ્ય સરકારો ધ્યાન આપતી હતી. પરંતુ પશ્ચિમી દેશોની અસર થતા શિક્ષણ ક્ષેત્રમાં ખાનગીકરણે પ્રવેશ કર્યો તેમજ જે તે સરકારો બજેટમાં શિક્ષણ ક્ષેત્રે નાણાફાળવણીમા ઘટાડો કરવા લાગી તેથી સરકારી કોલેજો, શાળાઓની મરામત, સુવિધાઓ સહિત શૈક્ષણિક સાધનોની અછતની શરૂઆત થવા લાગી.... ઉપરાંત સરકારી શાળાના શિક્ષકો ઉપર વધારાની કામગીરી વસ્તી ગણતરી, ચૂંટણી સમયની જરૂરી કાર્યવાહી તથા અન્ય સરકારી કામગીરી સોંપવામાં આવતી રહી અને તેની અસર સરકારી શાળાઓમાં શિક્ષણ પર પડી.... તો રાજકિય ક્ષેત્રના કેટલાક લોકો ખાનગી શાળાને મહત્વ આપવા સાથે તેમાં ભાગીદાર બની ગયા કે પરિવારજનોને નામે ખાનગી શાળાઓ ખોલવા લાગ્યા. તેમાં પણ શિક્ષણના ખાનગીકરણને પ્રાધાન્ય આપવા માટે ગ્રામ્ય શાળાઓને ઓછી સંખ્યાને બહાના તળે અન્ય શાળામાં મર્જ કરવા લાગ્યા. પરિણામરૂપે શિક્ષણ ડ્રોપ વધવા લાગ્યો.... જેમાં સૌથી વધુ ડ્રોપ છોકરીઓનો રહ્યો છે.....! કારણ ભારતની ગ્રામ્ય સંસ્કૃતિ અનુસાર દીકરીને ગામમાં જ ભણાવવાનો આગ્રહ હતો. તો પછી અન્ય ગામની શાળામાં ભણવા મોકલવાનો સવાલ જ રહેતો નહીં...... અને અત્યારે તો હજારો શાળાઓ મર્જ કરી દેવામાં આવી છે અને બીજી હજારો શાળાઓને મર્જ કરવાને લઈને તાળા મારવાની તૈયારી કરી લીધી છે.....! પરિણામે શિક્ષણ કથળી જશે.....!! તેમાં શંકાને કોઈ સ્થાન નથી.....! જો કે દીલ્હી રાજ્ય સિવાય કોઈપણ રાજ્ય બજેટમાં શિક્ષણ ક્ષેત્રને નાણાં ફાળવણીમાં પછાત રહ્યા છે....! જ્યારે કે દિલ્હી રાજ્ય સિવાયનુ કોઈ પણ રાજ્ય બજેટમા શિક્ષણ ક્ષેત્ર નાણાં ફાળવણીમાં પછાત રહ્યા છે....!બીજી તરફ દિલ્હી રાજ્ય સરકારે બજેટનાં ૨૫ ટકા નાણાં શિક્ષણ ક્ષેત્ર માટે ફાળવણી કરીને વિધાર્થીઓના ઉજળા ભવિષ્ય માટે દેશના તમામ રાજ્યોને નવો બતાવ્યો છે. પરંતુ અન્ય રાજ્યો આ બાબતને સ્વીકારશે કે નહિ.... તે બાબતે શંકા છે.....!! વંદે માતરમ

# યુક્રેન,રશિયા મહાયુધ્ધમાં બનાસકાંઠાના બે વિધાર્થીઓમાંથી એક વતન પરત ફર્યો




બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

રશીયા અને યુક્રેન વચ્ચે યુધ્ધની પરિસ્થિતિના તણાવ વચ્ચે બ.કાં જિલ્લાના ૧૦૦ જેટલા વિધાર્થીઓ અભ્યાસ અર્થે યુક્રેનમાં રહે છે. જેમાંથી સૂઈગામ તાલુકાના બે વિધાર્થીઓ એમ.બી.બી.એસ. માં અભ્યાસ કરી રહ્યો છે. જે બાબતે સૂઈગામ તાલુકાના નવાપૂરા ગામ ના વીરજીભાઈ જગાભાઈ ચૌધરીએ એક મુલાકાત માં જણાવ્યું હતું કે, સને ૨૦૨૧ ના વર્ષમાં મારોપુત્ર અંકીત વીરજીભાઈ ચૌધરી (ઉ.૨૦) અને વિપુલભાઈ દલરામભાઈ ચૌધરી (ઉ.૧૯) (ગામ રડકા, તા.સૂઈગામ) બંને જણા યુક્રેનમાં એમ.બી.બી.એસ. માં સુમીસ્ટેટ નેશનલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. પરંતુ ગતરોજ યુક્રેન અને રશિયા વચ્ચેના યુધ્ધ તણાવ માં મોડી રાત્રે બલાસ્ટ થતાં ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ થઈ જતાં બધીજ ઈન્ડીયન એરલાઈન્સ ફલાઈટો બંધ થઈ ગયેલ છે. જોકે ગતરોજ તા. ૨૪ – ૨ – ૨૨ ના રોજ મારોપુત્ર અંકીત વીરજીભાઈ ચૌધરી માદરે વતન ખાતે પરત ફરેલ છે. જેને જોઈ પરિવારજનો ભાવુક બની ગયા છે. પરંતુ તેનો સાથી વિપૂલભાઈ દલરામભાઈ ચૌધરી ફલાઈટ બંધ થઈ જતાં એરપોર્ટ ઉપર ફસાઈ જતાં તેના પરિવારજનો ચિંતાતૂર બની ગયા છે. અને તે હેમખેમ પરત ફરે તેની રાહ જોઈ રહ્યો છે.

### સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો

# કોટનમાં ૫૪,૦૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૯૪૦ તૂટી રૂ.૩૬,૧૩૦ના સ્તરેઃ મેન્થા તેલ, રબરમાં વૃદ્ધિ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૩,૬૬૧ સોદાઓમાં કુલ રૂ.૧૯,૭૬૮.૫૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના માર્ચ વાયદામાં ૨૫૦ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના માર્ચ વાયદામાં ૨૦૪ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના માર્ચ વાયદામાં ૨૮૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૮,૪૫૫ સોદાઓમાં કુલ રૂ.૫,૯૬૧.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૧૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૧૮૦ અને નીચામાં રૂ.૫૦,૬૮૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૬૦ ઘટી રૂ.૫૦,૮૮૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૬૮ ઘટી રૂ.૪૦,૮૩૫ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૬ ઘટી રૂ.૫,૦૬૧ના ભાવે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૫,૫૦૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૫,૫૦૧ અને નીચામાં રૂ.૬૪,૫૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૨૨૨ ઘટી રૂ.૬૪,૮૦૯ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ. ૧૨૨૧ ઘટી રૂ.૬૫,૩૨૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૮૭ ઘટી રૂ.૬૫,૧૪૭ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૯,૧૭૦ સોદાઓમાં કુલ રૂ.૪,૬૭૭.૧૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૨૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૨૨૧ અને નીચામાં રૂ.૬,૯૩૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૯૯ ઘટી રૂ.૬,૯૭૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૨૦ ઘટી રૂ.૩૪૨.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૬૧૦ સોદાઓમાં રૂ.૨૦૫.૦૬ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૯૬૨.૫૦ બોલાઈ રહ્યો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૬,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૬,૯૦૦ અને નીચામાં રૂ.૩૬,૦૯૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૪૦ ઘટી રૂ.૩૬,૧૩૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૭૯૮ના ભાવે ખૂલી, રૂ.૧૫૫ વધી રૂ.૧૬૭૯૯ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૨૦ વધી રૂ.૯૯૫.૨૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૨૭૯ સોદાઓમાં રૂ.૩,૦૦૯.૮૭ કરોડનાં ૫,૯૦૮.૦૩૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૭૪,૧૭૬ સોદાઓમાં કુલ રૂ.૨,૯૫૧.૪૩ કરોડનાં ૪૪૯.૮૮૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૭,૫૪૩ સોદાઓમાં રૂ.૩,૩૧૯.૭૫ કરોડનાં ૪૬,૯૨,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧,૬૨૭ સોદાઓમાં રૂ.૧,૩૫૭ કરોડનાં ૩૯૧૯૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૪૩૯ સોદાઓમાં રૂ.૧૯૮.૬૬ કરોડનાં ૫૪૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૬૪ સોદાઓમાં રૂ.૬.૧૯ કરોડનાં ૬૧.૯૨ ટન, રબરના વાયદાઓમાં ૩ સોદાઓમાં રૂ.૦.૦૫ કરોડનાં ૩ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૫૮૬.૪૯૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૭૫.૨૬૭ ટન, ક્રૂડ તેલમાં ૭૧૭૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૪૧૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૨૦૮૭૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૩૧૬.૪૪ ટન, રબરમાં ૭૩ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૨૪૦૪ સોદાઓમાં રૂ.૨૧૮.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૧,૦૪૬ સોદાઓમાં રૂ.૮૨.૦૭ કરોડનાં ૧,૧૦૨ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૯૬૯ સોદાઓમાં રૂ.૧૦૦.૬૫ કરોડનાં ૧,૦૬૦ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૩૮૯ સોદાઓમાં રૂ.૩૬.૨૬ કરોડનાં ૪૦૪ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૬૫૩ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૮૬૦ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૧૫૪ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ માર્ચ વાયદો ૭,૩૧૧ના સ્તરે ખૂલી, ઊપરમાં ૭,૩૧૮ અને નીચામાં ૭,૦૩૮ના સ્તરને સ્પર્શી, ૨૮૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૫૦ પોઈન્ટ ઘટી ૭,૦૫૪ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૦૬૦ના સ્તરે ખૂલી, ૨૫૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૨૨ પોઈન્ટ ઘટી ૧૪,૮૬૦ના સ્તરે અને મેટલડેક્સમાર્ચ વાયદો ૧૯,૦૫૧ના સ્તરે ખૂલી, ૨૦૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૩ પોઈન્ટ ઘટી ૧૮૯૨૨ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૫૭૫૩૪ સોદાઓમાં રૂ.૫,૬૪૮.૯૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૮૮.૫૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨.૬૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૩૮૪.૪૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૨૨.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૯૨.૨૨ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ માર્ચ રૂ.૭,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૦ અને નીચામાં રૂ.૨૫૨.૩૦ રહી, અંતે રૂ.૧૪૧.૫૦ ઘટી રૂ.૨૬૭.૫૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૩૪ અને નીચામાં રૂ.૨૧૫ રહી, અંતે રૂ.૨૦૫.૫૦ ઘટી રૂ.૨૩૧ થયો હતો. નેચરલ ગેસ માર્ચ રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૨.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨.૧૦ અને નીચામાં રૂ.૨૦.૯૦ રહી, અંતે રૂ.૮.૪૦ ઘટી રૂ.૨૩.૮૫ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૩ અને નીચામાં રૂ.૨૨૦ રહી, અંતે રૂ.૧૩૨ વધી રૂ.૩૭૨ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૦ અને નીચામાં રૂ.૨૭૦ રહી, અંતે રૂ.૧૫૮ વધી રૂ.૪૧૦.૫૦ થયો હતો. નેચરલ ગેસ માર્ચ રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૪ ખૂલી, ઊપરમાં રૂ.૩૨.૮૦ અને નીચામાં રૂ.૨૩.૩૦ રહી, અંતે રૂ.૮.૩૦ વધી રૂ.૩૦.૬૦ થયો હતો.

# રશિયાની સેનાના કબ્જા પછી ચેર્નોબિલ ન્યુક્લિયર પ્લાન્ટમાં રેડિયેશનનું સ્તર વધતા હજારો લોકોના જીવ જોખમમાં

કીવ,તા.૨૫

યુક્રેન પર રશિયાના હુમલાનો આજે બીજો દિવસ છે. આજે રશિયાએ યુક્રેન પર હુમલા તેજ કર્યા છે. સવારે યુક્રેનની રાજધાની કિવમાં ૭ મોટા બ્લાસ્ટ કરવામાં આવ્યા છે. શહેર પર એક પછી એક મિસાઈલોથી હુમલો કરવામાં આવી રહ્યો છે. યુક્રેનમાં ખાણી-પીણીથી લઈને અન્ય જરૂરિયાતની વસ્તુઓની અછત હોવા છતાં લોકો ઘરની બહાર નીકળી રહ્યા નથી.રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવેએ યુદ્ધ સમાપ્ત થવાની આશાને નકારી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ સાથેની વાતચીતમાં લાવરોવે કહ્યું હતુ કે, અમે હવે યુક્રેન સાથે વાતચીતની ઓફર સ્વીકારીશું નહીં. તેમની સાથે કોઈ વાતચીત થશે નહીં. યુક્રેનના રાષ્ટ્રપતિ અત્યાર સુધી માત્ર જુઠ્ઠુ જ બોલ્યા છે.

યુક્રેનના ચેર્નોબિલ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પાસે રશિયાની સેનાએ હુમલો કર્યો હતો. અહીં અનેક વિસ્ફોટ પણ થયા હતા. જેના કારણે આ પરમાણુ પ્લાન્ટમાં રેડિયેશનનું સ્તર વધી ગયું છે. યુક્રેનની ન્યુક્લિયર એજન્સીએ આ વાતની પુષ્ટિ કરી છે. રેડિયેશનના સ્તરમાં વધારો થવાને કારણે આ વિસ્તારમાં રહેતા હજારો લોકોના જીવનું જોખમ તોળાઈ રહ્યું છે. તેમને સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યાઓ પણ થઈ શકે છે. આ દરમિયાન, યુક્રેનના સંરક્ષણ મંત્રાલયે નાગરિકોને રશિયન લશ્કરી હિલચાલ વિશેની માહિતી આપવા જણાવ્યું છે. સાથે જ તેમના પર પેટ્રોલ બોમ્બથી હુમલો કરવા પણ જણાવ્યું છે.

આ દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ દાવો કર્યો છે કે રશિયન દળો રાજધાનીમાં પ્રવેશી ચૂક્યા છે. રશિયન ટેક્રો અહીંથી માત્ર ૩૨ કિમી દૂર છે. તેમને રોકવા માટે યુક્રેનની સેનાએ ત્રણ પુલ ઉડાવી દીધા છે. ઝેલેન્સકીએ આશંકા વ્યક્ત કરી છે કે આગામી ૪ દિવસમાં કિવ પર રશિયા દ્વારા કબજો કરવામાં આવશે. તેમણે કહ્યું કે રશિયાની સેના રહેણાંક વિસ્તારોને ટાર્ગેટ કરી રહી છે. તેમણે રશિયન નાગરિકોને આ યુદ્ધનો વિરોધ કરવાની અપીલ કરી છે. યુક્રેનમાં રશિયા હુમલા વચ્ચે હવે એ સવાલ ખૂબ મહત્વનો થઈ ગયો છે કે, ભારત કોના પક્ષમાં છે? ભારતે હજુ સ્પષ્ટ પણ કોઈને સમર્થન નથી કર્યું અને કોઈની નિંદા પણ નથી કરી. એક બાજુ મોટા ભાગના દેશો રશિયનાના હુમલાની નિંદા કરી રહ્યા છે ત્યારે ભારતે અત્યાર સુધી રશિયાના હુમલા વિશે કોઈ નિવેદન આપ્યું નથી. આ દરમિયાન અમેરિકામાં પણ સવાલો ઉભા થવા લાગ્યા છે કે, ભારત અમેરિકાના પક્ષમાં છે કે રશિયાના સમર્થનમાં. બીજી બાજુ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રશિયાની યુક્રેન પર કરવામાં આવતી કાર્યવાહીમાં કોઈને પણ દખલગીરી ના કરવા સ્પષ્ટ કહ્યું હતું. પરંતુ યુક્રેનના કહેવાથી વડાપ્રધાન મોદીએ પુતિન સાથે આ વિશે ચર્ચા કરી હતી. તેથી માનવામાં આવે છે કે, પુતિન પણ ભારતના આ વલણના કારણે તેમનાથી નારાજ છે. જ્યારે યુક્રેન ભારતથી એટલા માટે નારાજ છે કારણકે દરેક દેશોએ રશિયા દ્વારા કરવામાં આવતા યુદ્ધની જાહેરમાં નિંદા કરી છે પરંતુ ભારતે આ વિશે રશિયાને કશું જ સ્પષ્ટ કહ્યું નથી. આમ, રશિયા-યુક્રેનના યુદ્ધમાં ભારતની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થઈ છે.

# પોલેન્ડ બોર્ડર પર ગાડીઓની ૧૫ કિલોમીટર લાંબી લાઈનો, ટ્રાન્ઝિટ વિઝા માટે ભારતીયોએ મોદી સરકાર પાસે માગી મદદ

,નવીદિલ્હી,તા.૨૫

રશિયાના હુમલાથી બચવા માટે યુક્રેનના હજારો લોકો પાડોશી દેશ પોલેન્ડ તરફ પલાયન કરી રહ્યા છે. જેના પગલે યુક્રેન અને પોલેન્ડની બોર્ડર પર હજારો લોકોનો જમાવડો થયો છે. વાહનોની પંદર કિમી લાઈનો પડી છે અને આ બોર્ડર પર પહોંચનારામાં ભારતીયોનો પણ સમાવેશ થાય છે. ઘણા ભારતીયો અત્યારે પોલેન્ડની બોર્ડર પર ટ્રાન્ઝિટ વિઝા મળે તેની રાહ જોઈને ઉભા છે. કારણકે ભારત પાછા આવવા માટે હાલમાં તો બીજો કોઈ વિકલ્પ દેખાઈ રહ્યો નથી.

દિલ્હીના રહેવાસી રાકેશે એક હિન્દી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, રશિયા અને યુક્રેન વચ્ચે વિવાદ તો લાંબા સમયથી ચાલતો હતો પણ સ્થિતિ આટલી ઝડપથી બદલાશે તેવી આશા નહોતી. હજારો ભારતીયો માટે હવે પોલેન્ડમાં પ્રવેશની ભારત આવવાનો વિકલ્પ રહ્યો છે. તેઓ ટ્રાન્ઝિટ વિઝા માટે રાહ જોઈ રહ્યા છે પણ પોલેન્ડ હાલમાં તો આવા વિઝા આપવાનો ઈનકાર કરી દીધો છે. ભારતીયોનું કહેવું છે કે, જો વિઝા નહીં મળે તો બોર્ડર વિસ્તારમાં જ આશરો લેવો પડશે. કારણકે યુક્રેનમાં જે સ્થિતિ છે તે જોતા પાછા ફરવું બહુ ખતરનાક બની શકે છે. ભારતીયોએ કેન્દ્ર સરકારને અપીલ કરી છે કે, વિઝા આપવા માટે પોલેન્ડને વિનંતી કરવામાં આવે. જેથી પોલેન્ડ થઈને લોકો ભારત પાછા આવી શકે.

એક જાસૂસ જ્યારે રાષ્ટ્રપતિ બને ત્યારે તેના દેશની દરેક નીતિ અને ખાસ કરીને કૂટનીતિ તો જાસૂસીની નજરથી જ કાર્યાંવિત થવાની છે. અમેરિકા અને નાટોના સહયોગ વગર જ યુક્રેન હાલ એકલા હાથે મહાકાય રશિયન આર્મી અને એરફોર્મ સામે લડી રહ્યું છે. દેશની સુરક્ષા માટે સૈનિકો ખડેપગે છેલ્લા દોઢ દિવસથી રશિયન મિલેટ્રીનો સામનો કરી રહી છે. જોકે રશિયન આર્મી કંઈક અલગ જ રીતે યુક્રેનને ડફોળ બનાવી રહી છે.

રશિયાના સૈનિકો યુક્રેનના સૈનિકોને બંધક બનાવી રહ્યાં છે અને તેમના જ કપડાં એટલેકે યુક્રેન આર્મીનો યુનિફોર્મ પહેરીને હવે યુક્રેનના શહેરો તરફ આગળ વધી રહ્યાં છે. આ વાત અન્ય કોઈ નહિ પરંતુ યુક્રેનના ડિફેન્સ મિનિસ્ટરે જ કહી છે. યુક્રેનના નાયબ સંરક્ષણ પ્રધાને કહ્યું કે યુક્રેનિયન યુનિફોર્મ પહેરેલા રશિયન સૈનિકો યુક્રેનિયન લશ્કરી વાહનોને જપ્ત કરી રહ્યાં છે અને તે યુક્રેનના યુનિફોર્મ પહેરીને યુક્રેનના જ લશ્કરી વાહનો લઈને હવે કિવ તરફ આગળ વધી રહ્યા છે અને હુમલા કરી રહ્યાં છે.

નાટો દેશના સૌથી મોટા ભાગ ગણાતા અમેરિકા છેલ્લા અઢી મહિનાથી યુક્રેનને રશિયા સામે રક્ષણ આપીશુંનું ગાણું ગાયું હતું. જોકે ગઈકાલે રશિયાએ એકાએક યુક્રેન પર હુમલો કરતા ભયભીત થયેલ યુક્રેને સ્વરક્ષણ માટે હથિયાર ઉઠાવ્યા છે અને વિશ્વની અન્ય મહાસત્તાઓને પણ મદદ કરવા આગળ આવવા અરજી કરી છેજોકે રશિયાની સામે યુક્રેનનો સૌથી મોટો ગણાતા અને ઢાલ બનીને ઉભું રહેશે તેવી આશા જેની પાસેથી હતી તેવા અમેરિકાએ જ અંતે યુક્રેનનો સાથ છોડ્યો છે. યુક્રેને અમેરિકાને મદદ કરવા કહ્યું હતું પરંતુ અમેરિકાએ આ મામલે પ્રત્યક્ષ હસ્તક્ષેપનો ઈનકાર કર્યો છે.

# રશિયા પર હુમલાની પરવાનગી માટે અમેરિકા સંયુક્ત રાષ્ટ્રમાં પહોચ્યું

વોશિગ્ટન,તા.૨૫

આંતરરાષ્ટ્રીય સમુદાયની તમામ અપીલોને બાયપાસ કરીને રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું છે. ઘણા પ્રયાસો છતાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના વલણમાં કોઈ ફેરફાર નથી. આવી સ્થિતિમાં અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોએ હવે સંયુક્ત રાષ્ટ્રનો રસ્તો અપનાવવાનું નક્કી કર્યું છે. આ દેશોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ(યુએનએસસી)માં અત્યંત કડક પ્રકરણ ૭ હેઠળ એક ઠરાવ રજૂ કર્યો છે. આ અંતર્ગત નાટોને રશિયન આક્રમણનો જવાબ આપવા માટે બળનો ઉપયોગ કરવાનો અધિકાર આપવામાં આવશે. આ અંગે મતદાન થશે. રશિયા આ માટે તૈયાર છે. તે, સુરક્ષા પરિષદના કાયમી સભ્ય હોવાને કારણે, આ ઠરાવને વીટો કરશે. પરંતુ અમેરિકા વગેરે દેશોએ પણ આમાંથી બહાર નીકળવાનો રસ્તો કાઢ્યો છે. આ વોટિંગ દરમિયાન ભારતનું વલણ શું રહેશે તેના પર તમામની નજર રહેશે.

અમેરિકન નિષ્ણાતોના મતે, પુતિનને મનાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા પછી, અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સે યુએનમાં ચેપ્ટર ૭ હેઠળ પ્રસ્તાવ મૂક્યો છે. આ છઠ્ઠા પ્રકરણથી અલગ છે, જેમાં મામલાને શાંતિપૂર્ણ રીતે ઉકેલવાની વાત કરવામાં આવી છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે જો આ ઠરાવ પ્રકરણ ૭ હેઠળ પસાર થાય છે, તો પશ્ચિમી દેશોને રશિયા સામે બળજબરીપૂર્વક પગલાં લેવાનો અધિકાર મળશે. આ પ્રસ્તાવ પર શુક્રવાર-શનિવારે રાત્રે ભારતીય સમય અનુસાર લગભગ ૧.૩૦ વાગ્યે વોટિંગ થશે. પશ્ચિમી દેશો યુએનએસસીના ૧૫ સભ્ય દેશો વચ્ચે જોરશોરથી લોબિંગમાં વ્યસ્ત છે કે કોઈક રીતે આ પ્રસ્તાવ પસાર થાય. આ વોટિંગ દરમિયાન ચીન ગેરહાજર રહી શકે છે. ભારતે હજુ નક્કી કર્યું નથી કે તેનું વલણ શું હશે.

યુએસ સ્ટેટ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન ઠરાવની તરફેણમાં મતદાન કરીને રશિયાને અલગ પાડવામાં મદદ કરવા માટે ભારત અને ચીન બંને પર દબાણ કરી રહ્યા છે. ન્યૂઝ એજન્સી યુએનઆઈ અનુસાર, ભારતના વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રિંગલાએ ગુરુવારે કહ્યું કે કોઈ પણ સ્ટેન્ડ લેતા પહેલા ભારત જોશે કે આ પ્રસ્તાવમાં શું અંતિમ છે. અમને કહેવામાં આવ્યું છે કે તેના ડ્રાફ્ટમાં કેટલાક ફેરફારો કરવાના છે.

ભારત અસમંજસની સ્થિતિમાં છે કે રશિયાને સમર્થન આપવું કે નહીં. અમેરિકા અને રશિયા બંને સાથે તેના સૈન્ય અને વ્યાપારી સંબંધો છે. સોવિયેત સંઘના ભારત સાથે અમેરિકાના ઘણા સમય પહેલા મૈત્રીપૂર્ણ સંબંધો હતા. પરંતુ આ સંકટ સમયે પુતિને પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનને ભારતના દુશ્મન ગણાવ્યા છે. બંને વચ્ચે તાજેતરના સમયમાં સૈન્ય સંબંધોમાં પણ વધારો થયો છે. અહેવાલ મુજબ, જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જ્યારે પાકિસ્તાન દ્દજીઝમાં પહોંચ્યું ત્યારે રશિયાએ ચીનના દબાણમાં ભારતને સહકાર આપ્યો ન હતો. જો યુક્રેનની વાત કરીએ તો તે પાકિસ્તાન અને ચીનને પણ હથિયાર અને ટેક્ર સપ્લાય કરી રહ્યું છે. ૧૯૯૮માં પોખરણ પરમાણુ પરીક્ષણ બાદ વિશ્વએ ભારત પર પ્રતિબંધો લાદ્યા ત્યારે યુક્રેન પણ તેના પક્ષમાં મતદાન કર્યું હતું.

રશિયા યુએનએસસીનું કાયમી સભ્ય હોવાથી તેને કોઈપણ ઠરાવને વીટો કરવાનો અધિકાર છે. તેઓ આ મહિના માટે યુએનએસસીના પ્રમુખ પણ છે. આવી સ્થિતિમાં આ દરખાસ્તને વીટો કરવામાં આવે તેવી શક્યતા વધુ ઘેરી બની છે. પરંતુ અમેરિકા અને તેના સહયોગીઓએ પણ આ માટે તૈયારી કરી લીધી છે. તે આ ઠરાવને યુએન જનરલ એસેમ્બલીમાંથી પસાર કરાવી શકે છે. જ્યાં વીટોનો ઉપયોગ કરી શકાતો નથી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No :0032**

વિષય:સાહિત્ય સેવા માં કડવા,મીઠા ઘૂંટની આપવીતી "
પ્રકાર: પદ્ય
શીર્ષક: સાહિત્યનું ઘેલું
શબ્દો:૧૦૪
નામ: મીના માંગરોલીયા મીનુ

સાહિત્યનું ઘેલુ
કોરા કાગજ પર પડ્યાં
સાહિત્યનાં કંકુ પગલાં
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
નાની એવી થઈ ઈચ્છા
અને હાથમાં લીધી કલમ
મને લાગ્યું સાહિત્યનું ઘેલું
હું અને મારું સાહિત્ય
પૂર્યાં મેઘધનુષી રંગો
મને લાગ્યું સાહિત્યનું ઘેલું
હું કલમની કસબી,
હુ સાહિત્યની પ્રેમી.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
મને લાગી સાહિત્યની લગન
ભર્યું ભર્યું છે આખું ગગન
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
કલમ કાગળ મસ્તીમાં છે મગન,
હવે મીનુ, સાહિત્યમાં તરબોળ,
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
સાહિત્યજ ભાષાની ઓળખ,
મારું મન છે વિચારોનું મંથન.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
હું ગુજરાતી, હું ગુજરાતણ ,
સાહિત્યમાં હવે મારી લગામ.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
સાહિત્યમાં જ સુગંધ ભળે,
સાહિત્યમાં જ સંગીત વહે,
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

**NOG SS No:-0038**

વિષય :- જીવન સફરના અનુભવો
વિભાગ :-પદ્ય
શીર્ષક :- જિંદગીનો સફર

જિંદગીનો સફર ત્યારે સુહાનો લાગે છે,
ચપટી સ્નેહ કોઈ દિલ ઉપર છાંટે છે.
અહમ ને લાલચને હરાવી દઈએ પળમાં,
પ્રેમ ,લાગણીથી કોઈ જીવનને શણગારે છે.
અનેક અનુભવો થયા જીવન સફરમાં અહીં,
સચ્ચાઈ હોય ત્યાં કડવો ઘૂંટડો મીઠો લાગે છે.
બે રૂપિયા માટે લોભીયાઓ ને લડતા જોયા છે,
ત્યારે જીવન સફર આકરા તડકા જેવો લાગે છે.
દુનિયા શુ કહેશે ભૂલીને દિલનું સાંભડવું સફળ છે
પોતાના ઉપર કરેલો ભરોસાએ જીવન સફળ લાગે છે.

શીલાપટેલ "આકાંક્ષા"

---

**NOG. SS. NO. 0097**

વિષય:સામાજીક સંસ્થા કે અન્ય સંસ્થા સાથેના ખટમીઠા અનુભવો
પ્રકાર: ગદ્ય
શીર્ષક : વફાદારી

૧૯૯૮ ની સાલની આ વાત છે.મહિલા સંસ્થા માં સેવા આપતી હતી. ઘણા ડીપા. હતા. એમાંનું એક કેટરીંગ.

સવારે ૫.૩૦વાગયે ફોન આવ્યો: બેન મારા સાસુ ગુજરી ગયા એટલે કથા બંધ રાખી છે.આ ઓડર હું લાવી હતી.

બેનની સવાર પડી ગઈ. ઘરની રસોઈ, કપડા, વાસણની જવાબદારી પતાવી ૮.૦૦વાગયે રીક્ષા લઈ સાત બહેનોને ઘરે જઈ ના પાડી દીધી. રવિવાર અને વહેલા આવવાનો એમ ત્રણ ઘણો રોજ આપવો પડે.૧૦.૦૦વાગયે મેનેજર બેન અને કેશીયરબેન આવવાના હતા.એમને કોઈ વધારાના પૈસા આપવાના નહીં. બધું પત્યું. ખરી મુસીબત આગલે દિવસે બનાવેલ પાત્રા અને ગલાબજાંબુ ઠેકાણે પાડવાના. સંસ્થામાં કોઈ સ્ટાફ આવે નહીં. આજુબાજુ મુસ્લિમ વસતી. સૂઝથી ૧૧.૦૦વાગયા સુધીમાં બધુ ઠેકાણે પાડ્યું.

હવે ખરો સીન શરુ થાય છે.

૧૯૭૪માં બી.કોમ. પાસ કર્યા પછી બંને છોકરાં મોટાં થયા. એટલે ઈંદીરા ગાંધી યુનિ.માંથી એમ.બીએ.ની

ઓપન ટેસટ આપવાની હતી. એ જ દિવસે ૧૧.૦૦વાગયે પેપર હતું. ૨૦મિનિટ મોડી પહોંચી.૧૫ દિવસ પછી રિઝલટ આવ્યું બે વિષયમાં બે બે મારક ખૂટ્યા. ૨૫ વરસ પછી શરુ કરેલું કેરીયર અટક્યું. સંસ્થામાં ૨૦ વરસ સુધી બિનહરીફ નંબર વન મનેજમેનટ કાર્યકર્તા તરીકેનું સ્થાન અંકે કરી લીધું.

વકીલાતનું ભણી.વફાદારીના ફળ રુપે,૫૦વરસની ઉંમરે વકીલાતની ડીગ્રી મેળવી અને ૫૪વરસની ઉંમરે Dist. Consumer foram માં જજ તરીકે નિમણૂક થઈ.

હંમેશા ઘર,સગા, કુટુંબ કે જાહેર જીવનમાં તટસથતાથી વફાદારી નિભાવ્યા નો સંતોષ ઢળતી સંધ્યાએ ઓકસીજનનું કામ કરે છે.

વર્ષાબેન દેસાઈ એડવોકેટ વડોદરા-સિડની

---

**NOG SS NO 0037**

વિષય - જીવન સફરના અનુભવો.
વિભાગ - પદ્ય.
શીર્ષક - શિક્ષકની સંવેદના.
શબ્દો - ૧૦૧

સમાજનો સૌથી શાણો માનવી એ.
શિરે તેને ભવિષ્ય તણી જવાબદારી.
ઘડવા તેને કાચી માટીનાં ઘડા,
બનાવવા તેને નર માંથી નારાયણ.
ભજવવા પડે પાત્રો અવનવાં,
માર્ગમાં કાંટા અને કાંકરા ઘણાં.
તપસ્વીનું તપ હિમાલય તણી દ્રઢતાં,
નદી જેવી નિર્મળતા,હૈયે ધૈર્ય સદા.
સત્યના પ્રકાશથી,સ્નેહના દિવેલથી,
પ્રગટાવવાં જ્ઞાનનાં દીપક સઘળાં.
સતત કરવા પડતાં મનોમંથન,
કાર્ય તેમનું પવિત્ર ને પડકાર સ્વરુપ.
અડચણો આવે નિત્ય ડગલે પગલે,
ગુરુ શિષ્યની ગરીમાં જળવાય છે ખરાં...?
ખરો હું રાષ્ટ્રનો રખેવાળ, માસ્તર સૌ કોઈનો,
શિસ્ત, ક્ષમાં, કરુણાની મૂરત.

હેમલતા દિવેચા ' હેમ '

---

**NOG SS. No : 0112**

વિષય -જીવન સફર ના અનુભવો
વિભાગ -પદ્ય
શીર્ષક - આવુ જણાય છે.

સાથ ઓછોને સલાહ વધુ ,આપતા જણાય છે,
જુઓ મતલબે મતલબે, નવા સબંધો જણાય છે.
મંદિર અને મસ્જીદો માટે,લડાઇ ખુબ લડાઇ છે,
હાલ પૂછે ન માઁ બાપના,એવા સંતાન જણાય છે.
કથા સત્સંગ માં, લાખો શ્રોતાઓ જણાય છે,
છતા માનવતા દિવસો દિવસ, ઘટતી જણાય છે.
કરણી અને કથની માં, ભેદ વધતા જણાય છે,
"રાજ " નિર્દોષ અનેક લોકો, ફસાતા જણાય છે
રચના,,,,
રાજેશભાઇ એસ કુકરવાડીયા,
( વ્યાસ ) ધ્રુવનગર,,,, મોરબી

## યુદ્ધ યોદ્ધો...મોટો ધંધો.

બાય ડન... કે બાય રન
ચુંગ ચૂઈ ચૂઈ ચા....
ચુપ ચુપ જોતો જા...
તીન પત્તી પુતિન પા....
અંદર બહાર રમતો જા..
ભુખ ××ભોં××ની લાગી રે..
બોમ્બ ધડાકા તાગી રે...
કોરોના પોરો ખાઈ છે ત્યાં તો... પેટ્રોલમાં આગ લાગી રે..
લડ નહીં તો લડનારી લા...
હવે મોદીને તો ભયો ભયો..
આફતમાં અવસરની લોટરી લાગી લા...
ભક્તો ઉતારશે આરતી, મોદી તું થા મોટો ભા...
પાંચ પ્રદેશમાં ચુંટણી ટાણે...
હાથમાં તિલક પછી ખૂટતી સિલક...
જોતો જા, મતદાર તું જોતો જા...
કુલ્લા ખાલી, ખખડશે હાંજા....
નાચનારી ને આંગણું વાંકું.
ફાંકો ફાંકો ફુક્તો જા...
તિલક ખેસ કફન ની બુમો ...
જનતા જનાર્દન લાતો ખાતો જા..
તિકડી ટેડી,
બાઈડાન્સ.
પોં પોં પીપુડી ને પુતિન.
ચૂંગ ચુંગ ચા ચા ચાન્સ.
ગુડ શોટ ગ્લોરી ગ્લાન્સ.



દિપક પટેલ શિક્ષક .સુરત.

## પાટણ જીલ્લા વિકાસ અધિકારી શ્રી એ કોટાવડ ખાતે રાત્રી સભા માં હાજરી આપી



પાટણ જિલ્લા વિકાસ અધિકારી સાહેબ શ્રી દ્વારા રાત્રી સભામાં વિગ્નેશ્વરી માતાજીનું મંદિર કોટાવડ .તા.સરસ્વતી ગામે હાજરી આપી. જેમાં.. ઈ શ્રમ કાર્ડ , આયુષ્યમાન કાર્ડ,, ૧૦૦ ટકા રસીસરણ બાબતે તથા સરકારશ્રી ની અનેક વિધ યોજનાઓનો લાભ લેવા માટે ગ્રામજનો ને માહિતગાર કરવામાં આવ્યા તથા પ્રાકૃતિક ખેતી થી ખેડૂતો માહિતગાર થાય તે માટે ખેડૂતોને બુક નું વિતરણ તથા કોરોના વોરીયર એવા આંગણવાડી કાર્યકરોનું નું સન્માન ડીડીઓ સાહેબ દ્વારા કરવામાં આવ્યું..

આ સભામાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષ ભાઈ પટેલ સાહેબ, તાલુકા વિકાસ અધિકારી શ્રી સી બી લીંબચીયા સાહેબ, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કોઠારી ભાઈ,તલાટી કમ મંત્રી, ,સરપંચશ્રી,ગ્રામ પંચાયત ના સભ્યો,આરોગ્ય , ગ્રામ સેવક,આંગણવાડી કાર્યકર તથા તથા ગ્રામ જનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહેલ.જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ઈ શ્રમ કાર્ડ નું વિતરણ કરવામાં આવ્યું .તથા ગામની દૂધ ડેરી અને ગ્રામપંચાયતની મુલાકાત લેવામાં આવી

### ગૃહરાજ્યમંત્રીશ્રીએ જીટીયુ ખાતે ઘોડેસવારી અને ડ્રોન ફ્લાઈંગ કોર્સની શરૂઆત કરાવી.

# ઘોડેસવારીના પ્રેક્ટીકલ અને થીયરી સહિત ડ્રોન ફ્લાઈંગના રોડ મેપીંગ, જમીનના સર્વે, ડ્રોન પાયલોટીંગ વિષયો પર કોર્સ ચલાવવામાં આવશે.

રાજયની સૌથી મોટી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી તરીકે નામના મેળવનાર અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહેનાર ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા વિદ્યાર્થીઓ ટેક્નિકલ શિક્ષણની સાથે – સાથે અન્ય વિષયમાં પણ પારંગત બને અને આપણી પરંપરાગત રમતો અને કૌશલ્યો પણ શિખે તે હેતુસરરાજ્યના ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે જીટીયુ ખાતે ઘોડેસવારી અને ડ્રોન ફલાઈંગના કોર્સની શરૂઆત કરાવવામાં આવી હતી.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જીટીયુ દ્વારા ઈતિહાસ અને ભવિષ્યને સાંકળીને બન્ને કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા પણ ડ્રોન ટેક્નોલોજીની નવી પોલિસી જાહેર કરાશે. જેમાં જીટીયુના વિદ્યાર્થીઓ પણ વિશેષ રીતે મદદરૂપ થશે.

વિશેષમાં તેઓએ જણાવ્યું કે, આગામી સમયમાં મોબાઈલ ટેક્નોલોજીની જેમ જ ડ્રોન ટેક્નોલોજી પણ જીવન જરૂરીયાતની ટેક્નોલોજી તરીકે પ્રસ્થાપિત થશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે પણ એન્ટીડ્રોન ખરીદેલ છે. જેની ટૂંક સમયમાં ડિલિવરી થશે. તાજેતરમાં પ્રજાસત્તાકદિને ડ્રોન શોમાં ભારતીય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મને વિશ્વાસ છે કે, જીટીયુના વિદ્યાર્થીઓ પણ આ પ્રકારે ટેક્નોલોજીનો વિકાસ કરીને ડ્રોન શોમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ



કરશે. વર્તમાન સમયમાં પણ ગુજરાત પોલિસમાં ઘોડે સવારી પર પેટ્રોલિંગ કરવામાં આવે છે. તેમના માટે વિશેષ ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. જીટીયુ આ ટ્રેનિંગ શરૂ કરીને ગૃહવિભાગને પણ ભવિષ્યમાં મદદરૂપ થશે તેવી ખાતરી છે.

આ પ્રસંગે જીટીયુના બીઓજી મેમ્બર ડૉ. નેહલભાઈ શુક્લા, શ્રી અમિતભાઈ ઠાકર અને જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ, કુલસચિવ ડૉ. કે. એન ખેર, એક્વેસ્ટેરીયન સ્પોર્ટ્સ એસોસીયેશનના ડાયરેક્ટર શ્રી સંજયભાઈ બારોટ અને ડ્રોન લેબના ફાઉન્ડર સીઈઓ શ્રી નિખિલ મેઠીયા ઉપસ્થિત રહ્યા હતાં.

રાજ્યની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગૃહમંત્રાલય દ્વારા પણ ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સલામતી સંબધીત પગલાં ભરવામાં આવે છે. આજની યુવા પેઢી અને દરેક વિદ્યાર્થીઓ પણ ડ્રોન ટેક્નોલોજી બાબતે પણ અવગત થાય તે માટે જીટીયુ દ્વારા ડ્રોન ફ્લાઈંગ કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, જીટીયુ દ્વારા ટેક્નોલોજી સંબધીત કોર્સ તો ભણાવાય જ છે. પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પરીપ્રેક્ષમાં સર્વાંગી વિકાસ કરતાં કોર્સ પણ જીટીયુ દ્વારા ચલાવવાનું લક્ષ્ય છે. ડ્રોન ફ્લાઈંગ કોર્સમાં આગામી સમયમાં વિદ્યાર્થીઓ રોડ મેપીંગ , જમીનના સર્વે, ઈન્સ્પેક્શન , કૃષી અને મેડિસીન ડિલિવરી સહિતના વિવિધ કાર્યો ડ્રોન ટેક્નોલોજી થકી કેવી રીતે કરવા તે શિખવવામાં આવશે. જ્યારે ઘોડેસવારીના કોર્સમાં પ્રેક્ટિકલ સહિત તેની થીયરી અને તેના પર રમાતી આપણી પરંપરાગત રમતો પણ શિખવાડવામાં આવશે. ડ્રોન ફ્લાઈંગ કોર્સ અને ઘોડેસવારીનો કોર્સ શરૂ કરનાર જીટીયુ બંન્ને કોર્સમાં અનુક્રમે રાજ્યની અને દેશની પ્રથમ યુનિવર્સિટી છે. કાર્યક્રમના સફળ સંચાલન માટે જીટીયુના કુલપતિ અને કુલસચિવે સ્પોર્ટ્સ ઓફિસર ડૉ. આકાશ ગોહીલને અભિનંદન પાઠવ્યા હતાં.

## આગામી ૨૮ ફેબ્રુઆરી ના રોજ શાહીબાગ, અમદાવાદ ખાતે ભરતીમેળો યોજાશે

મદદનીશ નિયામક રોજગાર ની કચેરી અમદાવાદ દ્વારા તા. ૨૮/૦૨/૨૦૨૨ ના રોજ ૧૦:૩૦ કલાકે અસારવા બહુમાળી ભવન ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં નાના તથા મોટા પાયાના નોકરીદાતાઓ પાસેથી મેળવેલ વેકેન્સી અનુસાર વિપુલ પ્રમાણમાં રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઈ શકશે. જેમાં બેક્રિંગ સેક્ટર, સર્વિસ સેક્ટર, ટ્રેડિંગ, મેન્યુફેક્ચરિંગ સેક્ટર ની કંપનીઓ જોબ ઓફર કરશે. આ ભરતી મેળામાં ધોરણ ૫ પાસ થી ધોરણ ૧૨ પાસ તેમજ ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, આઈટીઆઈ ટેકનિકલ તમામ ટ્રેડ, ડીપ્લોમાં/ડીગ્રી જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભરતીમેળામાં ભાગ લઈ શકશે.

આથી ભરતીમેળામાં ભાગ લેવા તા.૨૮/૦૨/૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અસારવા બહુમાળી ભવન, પ્રથમ માળ, ગિરધરનગર બ્રિજ પાસે, શાહીબાગ અમદાવાદ ખાતે બાયોડેટા સાથે હાજર રહેવું.

## સિધ્ધપુર તાલુકાના કાલેડા ગામના યુવાનને લવારા ગામ નજીક નડ્યો અકસ્માત

સિધ્ધપુર તાલુકા ના કાલેડા ગામના નિકુલ સિંહ રજુજી રાજપૂત જેઓ સિધ્ધપુર ખાતે આવેલ સામર્થ કોમ્પ્લેક્ષ માં આર્કિટેક એન્જીનીયર ની ઓફીસ ધરાવતા હોઈ જેથી તારીખ ૨૪ ફેબ્રુઆરી ના રાત્રિ ના સમયે સિધ્ધપુર થી કાલેડા ઘર તરફ જઈ રહ્યા હતો.તે સમયે લવારા ગામ નજીક પહોંચતા કલ્યાના ગામના પાટિયા તરફથી આવી રહેલી અલ્ટો કાર ચાલકે ગફલત ભરી હકારી બાઈક ને અકસ્માત કરી ભાગી ગયો હતો જેથી અજાણ્યા કાર ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

સિધ્ધપુર તાલુકા માં દિન પ્રતિદિન અકસ્માતો વધી રહ્યાં છે ત્યારે આઓ જ એક અકસ્માત નો બનાવ તારીખ ૨૪ ફેબ્રુઆરી ના રાત્રી ના સાડા આઠ વાગ્યાના સમયે કાલેડા ગામ.ના યુવાન નિકુલ સિંહ રજુજી રાજપુત જેઓ સિધ્ધપુર થી કાલેડા ગામે પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા.તે સમયે કલ્યાણા ગામ.ના પાટિયા તરફથી એક ગ્રે કલરની અલ્ટો જેવી કાર પુર ઝડપે ગફલત ભરી હકારતા કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક ચાલક ને અકસ્માત કરી કાર ચાલક ભાગી ગયો હતો જ્યારે બાઈક સાથે યુવાન રોડ પર પટકાયો હતો જેથી આસપાસ ના માણસો અને રાહદારીઓ ભેગા થઈ ગયાં હતાં અને બાઈક ચાલકને ડાભા પગે ઈજાઓ પહોંચતાં એક બાઈક ચાલકે તેમના બાઈક પર બેસાડી કુંવારા સરકારી દવાખાને લઈ ગયા હતા જેથી ડોક્ટર દ્વારા પ્રાથમિક સારવાર કરી રજા આપવામા આવી હતી. જેથી બાઈક ચાલક યુવકે અજાણ્યાં કાર ચાલક વિરુદ્ધ કાકોશી પોલીસ મથકે અકસ્માત કરી ભાગી ગયો હોય જેથી અકસ્માત નો ગુનો કાકોશી પોલીસ મથકે ગુનો નોંધી કારચાલક ની શોધખોળ હાથ ધરી. ( કમલેશ ધણવાની.સિદ્ધપુર)

## ધોલકામા શ્રીમદ્ ભાગવત કથાનો શુંભ આરંભ



ધોલકા નગરમાં આવેલા પંચભાઈની પોળ હોળી ચકલા ખારાકુવા મુકામે શ્રીમદ્ ભાગવત કથા નો શુંભ આરંભ કરવામાં આવેલ છે જેના વ્યાસપીઠ ઉપર ગાંધીનગર બ્રહ્મ સમાજના પ્રમુખ નવ યુવાન પરમ પૂજ્ય કલ્પેશભાઈ ચંદ્રકાંતભાઈ મહેતા પોતાની આગવી શૈલીમાં પઠણ કરાવે છે.આ બાબતે વધારે જાણકારી મળતાં જાણવા મળેલ છે કે ધોલકા નગરમાં ભાગવત સપ્તાહ ના યજમાન દિનેશચંદ્ર અમરતલાલ ઠાકર પરિવાર તરફથી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અવિરતપણે વહેતી કલ્પેશ મહારાજ પોતાની આગવી શૈલીમાં વાચંન કરી સમગ્ર શ્રોત્રાઓને મુગ્ધ કરેછે.

આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રકારના પ્રસંગો કૃષ્ણ જન્મોત્સવ વામન જન્મોત્સવ રામ જન્મ ભજન ગોવર્ધન મહોત્સવ નૃસિંહ અવતાર સુંદર કાંડના પાઠ રાત્રે ભોજન વગેરે પણ કરવામાં આવે છે



યાત્રાધામ અંબાજી એ કરોડો શ્રદ્ધાળુઓ ની આસ્થા નું કેન્દ્ર છે. દેશ દેશાવર થી અસંખ્ય લોકો દર્શને આવે છે અને ટેકનોલોજી ના માધ્યમ થી પણ નિત્યદિન દર્શન નો લાભ લે છે.

માં જગદંબા ના નામ પરથી અંબાજી નામ પડેલ છે.પરંતુ શ્રદ્ધા ભક્તિ અને આસ્થા ના કેન્દ્ર સમાં આ સ્થાન ને માત્ર અંબાજી કહેવું એના કરતાં શ્રીઅંબાજી કહી શકાય તો નામ લેવા માત્ર થી ભક્તિભાવ નો અનુભવ કરી શકાય.. દરેક ભાવિક ભક્તો ના મન ની આ વાત છે.. યાત્રાધામ અંબાજી માં આવતા સંઘો ને રથો ના કારણે અંબાજી ની ગલીએ ગલીઓ માં નિત્યદિન જય અંબે નો નાદ ગુંજે છે. ગ્રામજનો પણ એકબીજા ને મળે.ત્યારે જય અંબે બોલીને અભિવાદન કરે છે. નાના મોટા અબાલ વૃદ્ધ હરેક ના મુખ પર સદાય જય અંબે રટાતું રહે છે. ધર્મ આસ્થા શ્રદ્ધા શક્તિ ભક્તિ ના કેન્દ્ર સમી આ નગરી આખા વિશ્વ માં પ્રસિદ્ધ છે . શ્રીઅંબાજી બોલતાની સાથે જ શ્રદ્ધા ઉમટી આવે તેવી ભાવના સાથે અંબાજી ગામના નામ ની આગળ શ્રી જોડવામાં આવે અને શ્રીઅંબાજી કહેવાય તેવી ભક્તિભરી લાગણી છે... બનાસકાંઠા બ્યુરો.અંબાજી

અમદાવાદ શહેરી ગરીબ કલ્યાણ મેળામાં ૨૯૦૦ જેટલા લાભાર્થીઓને અંદાજીત ૩.૬૮ કરોડના રકમની વિવિધ સહાય હાથો હાથ આપવામાં આવી

# અમદાવાદ શહેરી ગરીબ કલ્યાણ મેળામાં દરીદ્ર નારાયણને વિવિધ સહાયથી લાભાન્વિત કરતા આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલ

## ગરીબ કલ્યાણ મેળામાં આપવામાં આવતી સહાય ખરા અર્થમાં રાજ્યના દીન ભગીની-બંધુઓને સશક્ત, સક્ષમ અને આત્મનિર્ભર બનાવે છે - આરોગ્ય મંત્રી શ્રી

રાજયના આરોગ્ય અને અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગરીબ કલ્યાણ મેળામાં આપવામાં આવતી સહાય ખરા અર્થમાં રાજ્યના દીન ભગીની-બંધુઓને સશક્ત, સક્ષમ અને આત્મનિર્ભર બનાવે છે.

અમદાવાદ શહેરી ગરીબ કલ્યાણ મેળામાં મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઉપસ્થિત રહીને શહેરના દીન બંધુ-ભગીનીઓને વિવિધ સહાયથી લાભાન્વિત કર્યા હતા.

દરીદ્રનારાયણને વિવિધ સરકારી સહાય આપતા મંત્રી શ્રી એ કહ્યું કે, સરકારી તિજોરીનો પૈસો રાજયના ગરીબ-વંચિતોના ઉત્કર્ષ માટે પહોંચાડવાનું સત્કાર્ય તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ હાથ ધર્યું હતું જેને "ટીમ ભૂપેન્દ્ર પટેલ" આગળ ધપાવી રહી છે.

ગરીબ કલ્યાણ મેળામાં મળનારી વિવિધ કીટ અને સહાયની ભેંટ રાજયના ગરીબજનને સ્વમાનભેર જીવતા શિખવાડી આત્મનિર્ભર બનાવે છે તેવો ભાવ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મંત્રી શ્રી એ જણાવ્યું કે, દેશમાં દાયકાઓ પહેલા ગરીબી હટાવોનો નારો આપવામાં આવ્યો હતો. પરંતુ દેશમાં ખરા અર્થમાં ગરીબી હટાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા ન હતા. ગુજરાત રાજયમાં ૧૯૯૫ અને ખાસ કરી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા પછી રાજયમાં ગરીબ અને વંચિતોના ઉત્થાન માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ગરીબ કલ્યાણ મેળામાં આજ દિન સુધી લાભાન્વિત થયેલ ૧.૪૭ કરોડ દીન બંધુ-ભગીનીઓની સાફલ્ય ગાથાઓ તેની પ્રતીતિ કરાવે છે.

ભૂતકાળની સરકારમાં યોજનાઓ બનતી પરંતુ તેની અમલવારી કાગળ સુધી જ સિમિત રહી જતી હતી. નરેન્દ્ર ભાઈ મોદીના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૯ થી યોજનાકીય લાભો કોઈપણ વચેટિયા વગર સીધેસીધી ગરીબ અને વંચિતોના સુધી પહોંચાડવા માટે ગરીબ કલ્યાણ મેળાના સેવાયજ્ઞ આદરવામાં આવ્યો.

જેની ફળશ્રુતિ સ્વરૂપ ગરીબ કલ્યાણ મેળાના ૧૨માં તબક્કાનો પ્રારંભ થયો છે. અત્યાર સુધીમાં ૧૫૩૦ જેટલા ગરીબ કલ્યાણ મેળામાં ૧.૪૭ કરોડ લાભાર્થીઓ ૨૬ કરોડની રકમ ના લાભો મેળવીને સશક્ત બન્યાં છે.

ગરીબ કલ્યાણ મેળામાં આપવામાં આવતી સહાય ગરીબજન જે પરિસ્થિતિમાં છે તેનાથી પણ વધુ વિકસિત બનાવવાની દિશામાં પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં આરોગ્યલક્ષી મા અને મા વાત્સલ્ય યોજના શરૂ કરી હતી . વડાપ્રધાન બન્યા બાદ દેશભરમાં તેઓએ પ્રધાનમંત્રી જન આરોગ્ય આયુષ્યમાન યોજના અમલી બનાવી છે. જેણે સમગ્ર વિશ્વમાં આરોગ્યલક્ષી સેવાઓમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્રસ્થાપિત કર્યુ છે.



રાજયના કોઈપણ નાગરીકને અચાનક આવી પડેલી બિમારીના સારવાર ખર્ચના કારણે પોતાની જિંદગીભરની બચત સારવાર ખર્ચમાં ઉપયોગ કરીને દેવાદાર ન બનવું પડે તે માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય આયુષ્માન યોજના અતિ મહત્વની છે.આ પ્રસંગે મંત્રી શ્રી એ રાજયના તમામ ઘરોમાં નવેમ્બર મહિના સુધીમાં નળ થી જળ પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે હોવાનું પણ જણાવ્યું હતુ.

યુક્રેન અને રશિયાની પ્રવર્તમાન સ્થિતિ અંગે મંત્રી શ્રી એ કહ્યું કે : યુક્રેન અને રશિયાની સ્થિતિમાં યુક્રેનના આગેવાનોએ પણ કહેવું પડે છે કે, આ પરિસ્થિતિમાં પુતિનને સમજાવીને મધ્યસ્થી કરાવી શકે તે માત્ર ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ છે.આ સંદર્ભ દર્શાવે છે કે,ભારત વિકાસશીલ નહીં પરંતુ વિકસીત દેશની હરોળમાં દોટ માંડીને વૈશ્વિક નેતૃત્વ કરવા સક્ષમ છે.મંત્રી શ્રી અમદાવાદ શહેરી ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ યોજનાકીય લાભ મેળવીને લાભાન્વિત થનારા તમામ દીન ભગીની-બંધુઓને સહાયનો અસરકારક ઉપયોગ કરીને પગભર થઈ આત્મનિર્ભર બનવા માટે આહવાન કર્યુ હતુ.

આ પ્રસંગે અગાઉ અમદાવાદ શહેરના વિવિધ ગરીબ કલ્યાણ મેળામાં મહિલા ઉત્કર્ષ યોજના, સાધન સહાય યોજના, સંત સૂરદાસ યોજના, પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ યોજના અંતર્ગત લાભ મેળવીને સંપન્ન બનેલા લાભાર્થીઓને લોકસમક્ષ પોતાના પ્રતિભાવો રજૂ કરીને અન્યોને પ્રોત્સાહિત કર્યા હતા.

અમદાવાદ શહેરી ગરીબ કલ્યાણ મેળામાં ૨૯૦૦ જેટલા લાભાર્થીઓને અંદાજીત ૩.૬૮ કરોડના રકમની વિવિધ સહાય હાથો હાથ આપવામાં આવી છે.

અમદાવાદ શહેરી ગરીબ કલ્યાણ મેળામાં અમદાવાદ શહેર મેયર શ્રી કિરિટભાઈ પરમાર, રાજ્યસભા સાસંદ શ્રી નરહરિભાઈ અમીન, પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, ધારાસભ્ય સર્વ શ્રી બાબુભાઈ પટેલ, સુરેશ પટેલ, રાકેશ શાહ,બલરામભાઈ થાવાણી, ડેપ્યુટી મેયરશ્રી ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમીટી ચેરમેનશ્રી હિતેશ બારોટ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન શહેરા સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-અમિતસિંહ ચૌહાણ

ડાંગ દરબારના પડઘમ વાગે છે

# ડાંગ જિલ્લાના ગરિમાપુર્ણ ઉત્સવના સુચારૂ આયોજન વ્યવસ્થા અંગે યોજાઈ ઉચ્ચસ્તરીય બેઠક

આહવા તાઃ ૨૫:

ડાંગ જિલ્લાના પોતિકા ઉત્સવ એવા ઐતિહાસિક 'ડાંગ દરબાર' ના ભાતિગળ લોકમેળાનુ પ્રતિવર્ષ હોળી-ધૂળેટીના અગાઉના દિવસો દરમિયાન આહવા ખાતે આયોજન કરાતુ હોય છે. ગતવર્ષે કોરોનાને કારણે મૌકૂફ રહેલો 'ડાંગ દરબાર' નો ભાતિગળ લોકમેળો, આ વર્ષે પૂર્ણ ગરિમા સાથે યોજાય, તે માટે જિલ્લા વહીવટી તંત્રએ તૈયારી આરંભી છે.



ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકને સંબોદ્ધતા કલેક્ટર શ્રી ભાવિન પંડયાએ, ડાંગની ભાતિગળ પરંપરા અનુસાર રાજવીશ્રીઓને અપાતા સાલિયાણા સહિત શોભાયાત્રાના ગરિમા પૂર્ણ કાર્યક્રમની વ્યવસ્થાઓ અંગે સંબંધિત સમિતિઓના અધિકારીઓને સૂક્ષ્મ માર્ગદર્શન પૂરૂ પાડ્યુ હતુ.

હોળીના તહેવાર અગાઉ તા.૧૨મી માર્ચના રોજ ડાંગ દરબારના ભાતિગળ લોકમેળાના તેની પરંપરા અનુસાર, માનનીય રાજયપાલશ્રીના હસ્તે થનારા ઉદ્દઘાટન સમારોહ બાબતે વિસ્તૃત ચર્ચા કરતા કલેક્ટર શ્રી ભાવિન પંડયાએ, ડાંગ જિલ્લાની ઐતિહાસિક વિરાસતને છાજે તે રીતે સમગ્ર કાર્યક્રમનુ સૂક્ષ્મ આયોજન ઘડી કાઢવાની સમિતિ સભ્યોને અપીલ કરી હતી.

ડાંગની ભાતિગળ પરંપરા અનુસાર રાજવીશ્રીઓને અર્પણ કરાતા સાલિયાણા ઉપરાંત ભાઉબંધો અને નાયકોને અપાનારા પોલિટિકલ પેન્શન, મેળામા આવતા વેપારીઓની દુકાનો અને મનોરંજન પાર્ક માટેની જગ્યા નિયત કરવા સાથે, પાર્કિંગ અને ટ્રાફિક વ્યવસ્થા, શોભાયાત્રાનો રુટ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો, આરોગ્ય સંબધિત બાબતો, મંડપ-સ્ટેજ અને બેઠક વ્યવસ્થા, સ્વચ્છતાને લગતા પગલાઓ સહિત, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા સાથે મેળામા ઉમટતી જનમેદની સલામત રીતે મેળાની મોજ માણી શકે, અને ડાંગની ભાતિગળ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ઉજાગર કરી શકાય તે બાબતે પણ કલેક્ટરશ્રીએ ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગ તથા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજાએ પણ ઉપયોગી સૂચનો કરી, સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યુ હતુ.

દરમિયાન પ્રાકૃતિક ડાંગની ગરિમાને અનુરૂપ જુદાજુદા સરકારી વિભાગો તેમની યોજનાઓને પ્રદર્શનના માધ્યમથી પ્રજાજનો સમક્ષ રજૂ કરી શકે તે માટે વિશાળ પ્રદર્શનીનુ પણ આયોજન કરવાનુ ઘડી કાઢવામા આવ્યુ હતુ.

બેઠકની કાર્યવાહી સંભાળતા નિવાસી અધિક કલેક્ટર શ્રી પદ્મરાજ ગાવિતે કાર્યક્રમના સુચારૂ સંચાલન માટે ઘડી કાઢવામા આવેલી કોર કમિટી સહિત જુદી જુદી સમિતિઓની જવાબદારીઓ બાબતે વિસ્તૃત સમાજ પૂરી પાડી હતી.

નરેન્દ્ર પવાર,ડાંગ

# રાધનપુર-કમાલપુર માર્ગ પર ટ્રકની ટક્કરે એક્ટિવા ચાલક શિક્ષિકા મહિલાનું મોત..

પાટણ જિલ્લાના હાઈવે માર્ગો પર પુરઝડપે પસાર થતા વાહન ચાલકો દ્વારા અવાર-નવાર નાના-મોટા માર્ગ અકસ્માતના બનાવો સર્જાતા હોય છે. પાટણ જિલ્લાના રાધનપુર શાન્તિધામ પાસે આવી જ એક અકસ્માત ની ઘટનામા એકટીવા ચાલક શિક્ષિકા નું મોત નિપજ્યું હોવાનુ જાણવા મળ્યુ છે. આ અકસ્માત ની મળતી હકીકત મુજબ પાટણ જિલ્લાના રાધનપુર થી કમાલપુર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા ભાવનાબેન જયદિપભાઈ પટેલ પોતાનું એકટીવા લઈને શાળાએ જઈ રહ્યા હતા ત્યારે માર્ગ પરથી પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલાં ટ્રકચાલકે મહિલા શિક્ષિકાના એક્ટિવાને ટક્કર મારતા એક્ટિવા ચાલક શિક્ષિકા મહિલાને ગંભીર ઈજાઓના કારણે



ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયુ હતું. અકસ્માતની જાણ થતાં લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. તો કમાલપુર પ્રાથમિક શાળા માં નોકરી કરતા શિક્ષીકા નું અકસ્માત માં મોત નિપજ્યું હોવાની જાણ શાળા પરિવાર અને મહિલા શિક્ષિકા નાં પરિવારજનો ને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવી પોલીસ ને જાણ કરાતા રાધનપુર પોલીસે સ્થળ પર પહોંચી જઈ લાશનું પંચનામુ કરી પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે

નરોડા સ્પોર્ટ્સ હોસ્ટેલ ખાતે

# દિવ્યાંગ રમતવીરોના ટ્રેઇનર્સ તથા કોચીઝના પ્રશિક્ષણ માટે ત્રિ-દિવસીય 'ટ્રેઇન ધ ટ્રેઇનર કાર્યક્રમનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી નરોડા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે દિવ્યાંગ રમતવીરોના ટ્રેઈનર્સ તથા કોચીઝના પ્રશિક્ષણ માટે ત્રિ-દિવસીય 'ટ્રેઈન ધ ટ્રેઈનર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કૃલપતિશ્રી પ્રો.ડો.અર્જુનસિંહ રાણાએ જણાવ્યું કે, 'ટ્રેઈન ધ ટ્રેઈનર' કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દિવ્યાંગ રમતવીરોના ટ્રેનર્સને પ્રવર્તમાન જ્ઞાન અને કૌશલ્યો મુજબ તૈયાર કરી રાજ્ય અને રાષ્ટ્રના વધુને વધુ પેરા ખેલાડીઓ ઓલિમ્પિકમાં રાષ્ટ્રનું




પ્રતિનિધિત્વ કરે તે છે. રાજય સરકાર પેરા ખેલાડીઓ માટે હરહંમેશ તમામ જરૂરી સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ પૂરી પાડવા કટિબદ્ધ છે. દિવ્યાંગ રમતવીરોના ટ્રેઈનર્સ તથા કોચીઝના આ તાલીમ કાર્યક્રમમાં વિવિધ વિષયો જેમ કે ક્લાસીફિકેશન, ઈન્ટરેશનલ લાયસન્સ, સ્પર્ધાઓ અંગેની ટેક્નિકલ તેમજ પ્રેક્ટિલ માહિતી, ગુજરાત સરકારની દિવ્યાંગ રમતવીરો માટેની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા એવોર્ડ તથા રોકડ પુરસ્કારો અંગેની વિવિધ યોજનાઓ, કેન્દ્ર સરકાર તરફથી મળવા પાત્ર યોજનાઓની માહિતી, સ્પોર્ટ્સ અવેરનેસ, પેરા બેડમિન્ટન, પેરા પાવર લીફ્ટિંગ, પેરા ટેબલ ટેનિસ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં રાજયના તમામ જિલ્લાઓમાંથી પસંદગી પામેલા આશરે ૧૫૦થી વધુ ટ્રેનર્સ તથા કોચિઝ તેમજ ૫૦૦થી વધુ રમતપ્રેમીઓ ભાગ લઈ રહ્યા છે.

અમદાવાદ અને જામનગર મહાનગરપાલિકાઓને

# ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટ કામો માટે કુલ રૂ. ૭૩૯ કરોડ મંજૂર કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના બે મહાનગરો અમદાવાદ અને જામનગરમાં કુલ ૭૩૮.૮૨ કરોડ રૂપિયાના આંતરમાળખાકીય વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૦૨૧-૨૨ના વર્ષ માટે આ બે મહાનગરપાલિકાઓ દ્વારા વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચરલ ડેવલપમેન્ટ વર્કસ માટે શહેરી વિકાસ વિભાગ તરફથી મુખ્યમંત્રીશ્રી સમક્ષ દરખાસ્તો રજુ કરવામાં આવી હતી.

તદ્દઅનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં ફિઝીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરલ ડેવલપમેન્ટ-ભૌતિક આંતરમાળખાકીય વિકાસના ૨૧૭ કામો માટે ૫૬૭.૭૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

આ ૨૧૭ કામોમાં ડ્રેનેજ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, એસ.ટી.પી, સુએઝ નેટવર્ક, અલગ અલગ ૭ ઝોનમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, પાણીની લાઈન, બોરના કામ, રોડ રિસરફેસીંગ, થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ લગાવવાના કામો વગેરેનો સમાવેશ થાય છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત સામાજીક આંતરમાળખાકીય વિકાસમાં હોસ્પિટલ બિલ્ડીંગ, મેડીકલ ઈક્વીપમેન્ટસ ખરીદી, કોમ્યુનિટી હોલ, કોવિડ-૧૯ સંલગ્ન આઈ.સી.યુ બેડ, ઓક્સિજન જનરેશન પ્લાન્ટ, અર્બન હેલ્થ સેન્ટર જેવા ૧૯ કામો માટે ૧૬૨.૮૪ કરોડ રૂપિયા અમદાવાદ મહાપાલિકાને ફાળવ્યા છે.

તેમણે અર્બન મોબિલીટીના કામો અંતર્ગત બે કામો માટે ૫.૫૦ કરોડની ફાળવણી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી કરી છે.

આમ, મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાને સમગ્રતયા ૨૩૮ કામો માટે ૭૩૬.૧૦ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

એટલું જ નહિ, જામનગર મહાનગરપાલિકામાં પણ આંતરમાળખાકીય વિકાસ કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ૨.૭૨ કરોડ રૂપિયા વોર્ડ નં.૧૫ ગ્રીન સિટી વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલા આંતરમાળખાકીય વિકાસના આ વિવિધ કામો હાથ ધરાવાને પરિણામે આ મહાનગરોમાં નાગરિક સુખાકારીમાં વૃદ્ધિ થશે.

સીએમપીઆરઓ / અરૂણ...

# વડગામના છનિયાણાના જવાનનો પાર્થિવ દેહને માદરે વતન લવાતાં ગામ હીબકે ચઢ્યું

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

વડગામ તાલુકાના છનિયાણા ગામનો જવાન બુધવારે પંજાબના પઠાણકોટમાં શહીદ થતાં યાત્રા સાથે પાર્થિવ દેહને શુક્રવારે માદરે વતન લવાતાં ગામ હીબકે ચઢ્યું હતું. છનિયાણાના રમેશભાઇ ચેલાભાઈ રબારી માં ભોમની રક્ષા કાજે સેનામાં જોડાયા હતા. જવાને બેંગ્લોર ટ્રેનિંગ પૂર્ણ કરી પ્રથમ પોસ્ટીંગ પંજાબના પઠાણકોટમાં ફરજ પર જોડાયા હતા.

જો કે, જવાન થોડા દિવસ પહેલાં વતન છનિયાણા આવ્યો હતો અને ૫ દિવસ



અગાઉ જ જવાન પોતાની પોસ્ટીંગ ફરજ પંજાબના પઠાણકોટમાં પહોંચ્યો હતો. અને બુધવારે જવાન શહીદ થયો હતો.જયારે જવાનના પાર્થિવ દેહને શુક્રવારે પોતાના માદરે વતન લવાતાં ગામ હીબકે ચઢ્યું હતું. જયારે દેશ ભક્તિના ગીતો સાથે નીકળેલી શહીદ યાત્રાને લઈ સમગ્ર વિસ્તારમાં દેશ ભક્તિનો માહોલ છવાયો હતો. ગામની શાળાના વિદ્યાર્થીઓએ તિરંગા ધારણ કરી શહીદ જવાનને સલામી આપી હતી. જયારે શહીદ જવાનના પાર્થિવ દેહને ગામમાં લવાતાં જનમેદની ઉમટી પડી હતી. જયારે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ ક્રિયા કરાઈ હતી.

# યુક્રેનમાં ચાણસ્માના કેસણીનો એમબીબીએસ કરવા ગયેલો વિદ્યાર્થી ફસાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

યુક્રેન તેમજ રશિયા વચ્ચે ચાલી રહેલા તણાવભરી સ્થિતિમાં ચાણસ્મા તાલુકાના કેસણી ગામના પૂર્વ મહિલા સરપંચ આશાબેન મહેશ કુમાર પટેલનો પુત્ર યુક્રેનના ઉડીસા શહેરમાં ફસાયો હોવાની આ માહિતી સામે આવી છે

મળતી વિગતો મુજબ યુક્રેન તેમજ રશિયા વચ્ચે ચાલી રહેલી તણાવભરી સ્થિતિમાં ભારત દેશ સહિત ગુજરાત રાજયના પણ કેટલાક વિદ્યાર્થીઓ ફસાયા હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના કેસણી ગામના મહેશભાઈ પટેલ નો પુત્ર દર્શન કુમાર પટેલ ૨૦૧૭માં એમબીબીએસના અભ્યાસ અર્થે યુક્રેનના ઉડીસા ખાતે ગયો હતો તેમજ અત્યારે તેને એમબીબીએસ નું છેલ્લું વર્ષ ચાલી રહ્યું છે ત્યારે ચાલી રહેલી તણાવભરી સ્થિતિમાં ફસાયો હોવાની માહિતી પરિવારજનોને મળતા ચિંતિત હોવાનું જણાઈ આવે છે આ બાબતે દર્શન ના પિતા મહેશભાઇ પટેલે જણાવ્યું હતું કે મારો પુત્ર યુક્રેનના ઉડીસા માં ફસાયો છે તેમજ વિડીયોકોલ થી વાતચીત થાય છે ત્યારે સરકાર દ્વારા બને એટલી ઝડપથી વિદ્યાર્થીઓને પાછા લાવે તેવી માગણી છે

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ RDAM દ્વારા પાટણ જિલ્લા કલેક્ટર ને

# ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ સોસાયટી GISFS દ્વારા ભરતી સંદર્ભે થતા કૌભાંડો વિરૂદ્ધ આપવામા આવેલ આવેદન પત્ર.

પાટણ જિલ્લા રાષ્ટ્રિય દલિત અધિકાર મંચ દ્વારા પાટણ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું . મળતી વિગતો મુજબ હકીકત એ છે કે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ સોસાયટી દ્વારા જે પણ ભરતી કરવામા આવે છે જેમાં ઉમેદવારો લાયકાત વાળા છે કે કેમ !? ખરેખર નિયમ મુજબ પહેલા ઉમેદવારો ની પસંદગી ઈઠ આર્મી , હોમગાર્ડ નિવૃત્ત હોય તેવા ઉમેદવારો ની ભરતી થવી જોઈએ પરંતું GISFS દ્વારા લાયકાત વ?ાળા લોકો ને હોમગાર્ડ ને ભરતી કરી મોટુ કૌભાંડ કર્યું હોય તેવુ લાગે છે!??? તો આ સંદર્ભે રાષ્ટ્રિય દલિત અધિકાર મંચદ્વારા એવી રજુઆત કરવામાં આવી છે કે પાટણ જિલ્લા કલેક્ટર દ્વારા કોઈ પણ નિષ્ઠાવાન અધિકારી ને તપાસ આપીને GISFS મા થયેલ કૌભાંડ ની યોગ્ય તપાસ થાય !?? અને તે લોકો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે . આ આવેદન પત્ર આપવામાં રાષ્ટ્રિય દલિત અધિકાર મંચ ગુજરાત સહ કન્વીનર માવજીભાઇ સરવૈયા ઝોન પ્રભારી મનોજ પરમાર, પાટણ જિલ્લા પ્રમુખ હરગોવન ભાઈ મકવાણા ,ચાણસ્મા તાલુકાના પ્રમુખ નરેશ પરમાર, સરસ્વતિ તાલુકા ના પ્રમુખ જગદીશભાઈ પરમાર, હારિજ તાલુકાના પ્રમુખ મેહુલભાઇ, તેમજ કા.પ્ર.બીજલભાઈ, બબાભાઈ, કરશનભાઈ , સંજયભાઇ, જાદવ મહેશભાઇ , ઠાકોર બાબુજી.આર, ઠાકોર કનુભા.વી ,તેમજ બીજા તમામ રાષ્ટ્રિય દલિત અધિકાર મંચ ના કાર્યકરો તેમજ હોદ્દેદારો હાજર રહ્યાં હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.